શ્રીમદ્ વિઠ્ઠલેશ્વર પ્રભુચરણ પ્રણીત

ભક્તિહંસ

(ગુજરાતીમાં ભાષાન્તરણ સહ)

—: અનુવાદ :—
પૂ.ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી
(વડોદરા)

—: પ્રકાશક :—
શ્રીવલ્લભ વિઠ્ઠલ ગ્રન્થ પ્રકાશન મંડળ ટ્રસ્ટ– વડોદરા.

॥ श्रीकृष्णाय नमः ॥

श्रीमद्विट्ठलेश्वरप्रभुचरणप्रणीतो

भक्तिहंसः ।

અનુવાદ - ગો.શ્રીચન્દ્રગોપાલજી મહારાજશ્રી - વડોદરા

जयन्ति पितृपादाब्जरेणवो यत्प्रसादतः ।
भक्तिः प्राप्ता तदन्याध्वमोहाभावश्च पण्डितैः ॥ १ ॥

પિતૃચરણ શ્રીવલ્લભાચાર્યચરણના ચરણારવિન્દની રેણુ-રજનો સર્વત્ર-સદૈવ જય છે (ઉત્કર્ષ છે), જે રજના પ્રસાદથી (કૃપાથી) પંડિતો એ ભક્તિ પ્રાપ્ત કરી છે અને તે સિવાયના (ભક્તિ પ્રાપ્તિ માટેના) માર્ગમાં મોહનો અભાવ પ્રાપ્ત કરેલો છે ॥ ૧ ॥

मन्त्रोपासनवैदिकतान्त्रिकदीक्षार्चनादिविधिभिर्यः ।
अस्पृष्टो रमते निजभक्तेषु स मेऽस्तु सर्वस्वम् ॥ २ ॥

મંત્ર, ઉપાસના, વૈદિક તથા તાંત્રિક દીક્ષા, અર્ચના વગેરે વિધિઓ વડે જે અસ્પૃષ્ટ છે (આ બધા વડે જેનો સ્પર્શ કરી શકાય તેમ નથી) અને પોતાના નિજભક્તોમાં (જ) રમણ કરે છે તે ભગવાન મારા માટે સર્વસ્વ હો ॥ ૨ ॥

ननु किमिदमपूर्वतरमिवोच्यते । सत्यम् । अपूर्वतममपिश्वभ्रकूपपतितभेकसदृशां त्वादृशाम्, न तु विदुषाम्। पूर्वमेवानेकप्रमाणसिद्धत्वात् । तथा हि । **‘नाऽयमात्मा प्रवचनेन लभ्यो न मेधया न बहुना श्रुतेन । यमेवैष वृणुते तेन लभ्य’** (कठ.उप. १-२-२३) इति श्रुतौ **यमेवे**ति सामान्योक्त्याग्रिमेण च भगवदङ्गीकारमात्रैकलभ्यत्वोक्त्या प्रवचनादिपदान्यात्मीयत्वेन भगवदङ्गीकारातिरिक्तयावत्साधनोपलक्षकाणीति ज्ञायते। तेन जीवकृतिसाध्यसाधनैरप्राप्यत्वमुक्तं भवति । पूर्वं जीवगतोत्कर्षोऽप्यप्रयोजक इत्यपि। वरणोक्त्या यथा कन्या स्वाभिमतमेव स्वपतित्वेन वृणुते वरो वा तादृशीमेव कन्यां स्वस्त्रीत्वेन तथा भगवान् स्वदासत्वेनाऽऽत्मीयत्वेनाऽङ्गीकरोतीत्युच्यते । तथा च यथा तदनन्तरं नान्यत्र विनियोगस्तस्यास्तथैतस्यापीति ज्ञापितं भवति । पूर्वं केनापि ज्ञातुमशक्यमित्यपि एवं सति विहितक्रियाफलत्वेन स्वर्गादिवद्भगवति पूर्वोक्तविधिसंबन्धस्तु न शक्यवचनः। स्वकृत्यसाध्यत्वाद्यागादिवदपि न तथा ।

શંકા - ક્યારેય અને ક્યાંય ન કહેવાઈ હોય તેવી અહીં અત્યન્ત અપૂર્વ વાત કેમ કહેવામાં આવી રહી છે (ઉપરના શ્લોક - ૨ માં મંત્ર-ઉપાસના વગેરે સર્વથી ભગવાન સ્પર્શ કરી શકાય તેમ નથી તેવી અપૂર્વ વાત કેમ કહો છો) ?

સમાધાન - સાચી વાત છે (કે આમ કહેવું તમને અપૂર્વ લાગે છે), પરન્તુ આ વાત અપૂર્વતમ લાગીને પણ પૃથ્વીમાં છિદ્ર જેવા કૂવામાં રહેલા દેડકાના જેવા તમારા જેવાઓને માટે જ આ અપૂર્વ છે, વિદ્વાનો માટે આ વાત અપૂર્વ નથી. કેમ કે પૂર્વથી જ અનેક પ્રમાણોથી આ વાત સિદ્ધ થયેલી છે. શ્રુતિમાં કહેવામાં આવ્યું છે કે **‘આ આત્મા પ્રવચન વડે મેળવી શકાય તેમ નથી, બુદ્ધિ વડે પણ નહીં, ન ઘણું સાંભળવાથી મળે છે, કિન્તુ જેનું આ આત્મા વરણ કરે છે તેના વડે આ આત્મા પ્રાપ્ય બને છે’**

(કઠ.ઉપ. ૧-૨-૨૩) આ શ્રુતિમાં **‘यम् एव’** એમ (કોઈ પણ અધિકારી વિશેષનો ઉલ્લેખ કર્યા વિના) સામાન્ય ઉક્તિ વડે અને આગળના વાક્યથી ભગવાન વડે અંગીકાર માત્રથી જ પ્રાપ્ય છે એમ ઉક્તિથી પ્રવચન વગેરે જે પદો છે તે ભગવાનના અંગીકારથી અતિરિક્ત જેટલાં પણ પ્રવચન વગેરેથી ઉપલક્ષિત થતાં સાધનો છે તે અનાત્મીય (આત્મા સાથેના સંબન્ધ વિનાના) છે એમ જાણવામાં આવે છે. તેથી કરીને જીવ જે સાધનો કરી શકે છે તે સાધનોથી ભગવાન અપ્રાપ્ય છે એમ કહેવાનું તાત્પર્ય છે. ભગવાનના વરણ કરતાં પહેલાંનો કોઈ પણ પ્રકારનો જીવમાં રહેલો ઉત્કર્ષ (કોઈ શ્રેષ્ઠતા યા વિશેષતા) પણ ભગવત્ પ્રાપ્તિમાં અપ્રયોજક છે એમ પણ તાત્પર્ય છે. શ્રુતિમાં ભગવાન જેનું વરણ કરે છે એમ કહ્યું છે તેથી જેમ કન્યા પોતાને અભિમત-મનપસંદને જ પોતાના પતિરૂપે વરણ કરે છે અથવા વર તેવી જ - સ્વ અભિમત કન્યાને જ પોતાની પત્નીના રૂપમાં વરણ કરે છે, તેમ ભગવાન પણ જીવને પોતાના દાસ-સેવકરૂપમાં આત્મીયભાવે (આ મારો દાસ છે એમ) અંગીકાર કરે છે એમ શ્રુતિનું કહેવું છે. તેમજ જેમ તે પછીથી તે કન્યાનો અન્યત્ર-બીજે ક્યાંય - કોઈને માટે પણ વિનિયોગ થતો નથી, તેમ આ દાસ-સેવકનો પણ અન્યત્ર ક્યાંય-કોઈને માટે પણ વિનિયોગ થઈ શકતો નથી એમ જણાવ્યું છે. ભગવાને આ જીવનું આત્મીયભાવે વરણ કર્યું છે એ પહેલેથી જ જાણી લેવું અશક્ય છે એમ પણ આ શ્રુતિથી જણાવ્યું છે. આ પ્રમાણે હોતાં વિધાન કરાયેલી ક્રિયાના ફલરૂપમાં સ્વર્ગાદિની માફક પૂર્વમાં કહેવાયા પ્રમાણેનો ભગવાનમાં વિધિનો સંબન્ધ છે તેમ કહેવું શક્ય નથી. કારણ કે જેમ યજ્ઞ વગેરે કરવા એ જીવકૃતિથી થઈ શકે છે તેમ પોતાની કોઈ કૃતિથી ભગવાનનો અનુગ્રહ પ્રાપ્ત કરવો એ શક્ય ન હોવાથી ભગવાનનો અનુગ્રહ એ જીવકૃતિથી અસાધ્ય હોવાથી પણ કોઈ પણ વિધિનો સંબન્ધ ભગવાન સાથે થઈ શકતો નથી.

अतः परमिन्द्रादिवदुद्देश्यत्वेन तत्संबन्धोऽवशिष्यते ।

तत्रापि वदामः । **‘सर्वस्य वशी सर्वस्येशान’** (   ) इत्यादिश्रुतिभ्यो **‘देवोऽसुरो मनुष्यो वा यक्षो गन्धर्व एव वा । भजन्मुकुन्दचरणं स्वस्तिमान् स्याद्यथा वयम्’** (भाग.७-७-५०) **‘को नु राजन्निन्द्रियवान्मुकुन्दचरणाम्बुजम् । न भजेत्सर्वतोमृत्यु–रुपास्यममरोत्तमैः’** (भाग.११-२-२) **‘मां हि पार्थ व्यपाश्रित्य येऽपि स्युः पापयोनयः । स्त्रियो वैश्यास्तथा शूद्रास्तेऽपि यान्ति परां गति’** (गीता. ९-२२) मित्यादिस्मृतिभ्यश्च जीवमात्रस्य भगवान् पतिरिति स्त्रियाः स्वपतिभजनवज्जीवमात्रस्य भगवद्भजन–मिष्टमिष्टसाधनञ्चेत्यङ्गीकार्यं सर्वथा । तच्च श्रवणादिरूपम्। एवं सति भगवानिव तन्नामादिकपि सर्वान्प्रत्यविशिष्टमिति मन्तव्यम् । मन्त्रशास्त्रे तु निगद्यते राममन्त्रस्तदधिष्ठातृभजनं च कस्यचिन्मित्रं कस्यचिदरिः कस्यचित्सिद्धं कस्यचित्साध्यमित्यादि । एवमेव गोपालादिमन्त्रास्तदधिष्ठातृभजनानि चेति । एवं सति तदधिष्ठा–तृरूपस्य पुरुषोत्तमत्वे पूर्वोक्तश्रुतिस्मृतिन्यायेन सर्वान्प्रति भजनीयत्वेनाविशिष्टं स्यान्न तु तथेत्यन्यथानुपपत्त्यैव तत्पुरुषोत्तमस्य विभूतिरूपं भिन्नमेवेति मन्तव्यम् ।

હવે પછી જેમ યજ્ઞ વગેરેમાં ઈન્દ્ર વગેરે દેવોનો ઉદ્દેશ્યરૂપે સંબંધ છે તેમ ઉદ્દેશથી ભગવાનનો સંબંધ વિચારવો બાકી રહે છે. તે બાબતમાં પણ અમે આમ જણાવીએ છીએ. **‘તે ભગવાન સર્વને વશમાં રાખનારા છે અને સર્વના નિયામક છે’** (   ) વગેરે શ્રુતિઓ વડે તેમજ **‘દેવ, અસુર, મનુષ્ય અથવા યક્ષ, ગન્ધર્વ વગેરે ભગવાન મુકુન્દના ચરણનું ભજન કરતાં કલ્યાણને પ્રાપ્ત કરનારા બન્યાં, જેમ આપણે બધા (ભજન**

કરતાં કલ્યાણને પામ્યાં) (ભાગ.૭-૭-૫૦) **ચારે તરફથી મૃત્યુથી ઘેરાયેલો ઇન્દ્રિયોવાળો એવો કોણ હોઇ શકે કે દેવોમાં પણ ઉત્તમ એવાઓ દ્વારા ઉપાસના કરવા યોગ્ય એવા ભગવાન મુકુન્દના ચરણારવિન્દનું ભજન ન કરે’** (ભાગ.૧૧-૨-૨) **‘હે પાર્થ મારો આશ્રય કરીને પાપયોનીમાં જન્મેલાઓ, સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો તે લોકો પણ પરાગતિને પામ્યા છે’** (ભાગ.૯-૨૨) વગેરે સ્મૃતિઓ વડે જીવમાત્રના ભગવાન પતિ છે, તેથી જેમ સ્ત્રી પોતાના પતિનું ભજન કરે તેમ જીવમાત્રને ભગવાનનું ભજન ઈષ્ટ છે અને ઈષ્ટ સાધન છે એમ તારે પણ સર્વથા અંગીકાર કરવું જોઈએ-કબૂલવું જોઈએ. તેમજ તે ભગવદ્ભજન શ્રવણ વગેરે રૂપે છે. એમ હોતાં ભગવાનની જ માફક (જેમ ભગવાન જીવમાત્રના પતિ છે તેમ) ભગવાનના નામ વગેરે પણ સર્વના પ્રતિ અવિવિષ્ટ છે (કોઈને માટે વિશેષ અને કોઈના પ્રતિ સાધારણ એમ નહીં) એમ માનવું જોઈએ. જ્યારે મન્ત્ર શાસ્ત્રમાં તો એમ કહેવામાં આવે છે કે રામમંત્ર અને તે મંત્રના અધિષ્ઠાતાનું ભજન કોઈકને માટે મિત્ર, કોઈકને માટે શત્રુ, કોઈકને માટે સિધ્ધ, કોઈકને માટે સાધ્ય વગેરે છે. એ મુજબ જ ગોપાલ વગેરે મન્ત્રો અને તેનાં અધિષ્ઠાતાનું ભજન પણ તેમજ છે. આ પ્રમાણે હોતાં તે મન્ત્રોના અધિષ્ઠાતૃરૂપનું પુરુષોત્તમપણું હોય (તે મંત્રોના અધિષ્ઠાતૃરૂપનું પુરુષોત્તમપણું હોય-તે મંત્રોના અધિષ્ઠાતા પુરુષોત્તમ હોય) ત્યારે તો પૂર્વમાં કહેવાયેલ શ્રુતિ-સ્મૃતિના ન્યાયે પુરુષોત્તમ સર્વના પ્રતિ ભજનીય હોવાથી બધાને માટે અવિશિષ્ટ જ થાય, નહીં કે કોઈને માટે વિશિષ્ઠ અને કોઈને માટે અવિશિષ્ટ થાય. એમ અનુપપત્તિ વડે જ તે અધિષ્ઠાતા પુરુષોત્તમની વિભૂતિરૂપે પુરુષોત્તમ રૂપથી ભિન્ન જ છે એમ માનવું જોઈએ.

ननु विहितप्रकारेण भजनं हि सर्वस्यापीष्टदमतो नानुपपत्तिः काचिदिति चेत् । उच्यते । **‘यानास्थाय नरो राजन्न प्रमाद्येत कर्हिचित् । धावन्निमील्य वा नेत्रे न स्खलेन्न पतेदिहे’** (भाग.११-२-३५) ति वाक्ये भगवद्धर्मास्थितिमात्रेण भगवत्प्राप्त्यर्थमत्यार्त्त्या नित्यसाधनपरित्यागे शास्त्रगुरूल्लङ्घनेऽपि फलविलम्बः फलाभावो वा न भवतीति निरूप्यते । आस्थितिस्तु कायवाङ्मनसां तदीयत्वम् । एवं सति मन्त्रोपासनाया अपि यदि भगवद्धर्मत्वं स्यात्तदा तत्परत्वमात्रेणैव यस्य कस्यचिदिष्टमेव फलं भवेन्न त्वन्यथा ।

શંકા - મંત્રશાસ્ત્રમાં વિધાન કરાયા મુજબ ભજન કરનારને માટે ઈચ્છિત ફલ થાય છે એમાં કોઈ અનુપપત્તિ નથી ? (અથવા તો વિધાનથી વિપરીત તે મુજબ નહીં વર્તનારને માટે ફલ થતું નથી. અતઃ ફલ થવા નહીં થવાથી તે રૂપ પુરુષોત્તમ નથી એમ કહેવાની કોઈ આવશ્કતા જ નથી ?)

સમાધાન - એનો ઉત્તર આમ છે. **હે રાજન ! જે ધર્મમાં આસ્થિતિ કરવાથી મનુષ્ય કયારેય પ્રમાદ કરતો નથી, તેમજ એ માર્ગ પર જો આંખ મીંચીને દોડે તોપણ તે અહીં સ્ખલિત થતો નથી કે પડતો નથી.** (ભાગ.૧૧-૨-૩૫) આ વાક્યમાં ભગવદ્ધર્મમાં સ્થિતિ માત્રથી જ ભગવત્ પ્રાપ્તિ માટેની અતિશય આર્તિ વડે નિત્ય સાધનનો પરિત્યાગ કરે તેમજ શાસ્ત્ર તથા ગુરુનું ઉલ્લંઘન થવા છતાં પણ ફલમાં વિલમ્બ થવો અથવા ફલ ન થવું એમ ક્યારેય થતું નથી એમ નિરૂપણ કરવામાં આવ્યું છે. તેમજ **આસ્થિતિ** એટલે કાયા-વાણી-મનનું તદીયપણું (કાયા-વાણી-મન ભગવદીય બની જવા) છે. એમ વિચારતાં મન્ત્રોપાસના જો ભગવદ્ધર્મ હોય તો ત્યારે તે ધર્મમાં પરાયણ થવા માત્રથી જ જેને કોઈને-દરેકને પણ ઈચ્છિત ફલ જ થાય, તેનાંથી વિપરીત કંઈ પણ ન થાય.

ननु ‘**सर्वेषु वर्णेषु तथाऽऽश्रमेषु नारीषु नानाह्वयजन्मभेषु। दाता फलानामभिवाञ्छितानां द्रागेव गोपालकमन्त्र एष**’ ( ) इति वाक्यात्सर्वाभीष्टदत्वं गोपालमन्त्रोपासनायामस्तीति नोक्तरूपतेति चेत् । सत्यम्। अस्ति सर्वाभीष्टदत्वम्। न तूक्तरूपताऽपि, उपासनामार्गीयत्वात् । न हि कर्माङ्गत्वेन क्रियमाणस्य भगवत्स्मरणस्य भक्तिरूपत्वं वक्तुं शक्यं, कर्ममार्गीयत्वात् । अपरञ्च । तत्र वराङ्गनावशीकरणादिकं फलत्वेन श्रूयते । न हि पुरुषोत्तमभक्तेस्तत्फलीभवितुमर्हति, अनर्थरूपत्वात्, ‘**अनर्थोपशमं साक्षाद् भक्तियोगमधोक्षजे**’ (भाग.१-७-६) ‘**तस्मान्निराशिषो भक्तिर्निरपेक्षस्य मे भवे**’(भाग. ११-७-३५) दित्यादिवाक्यविरोधात्। अत एव शूद्रप्रतिष्ठापितमूर्त्तौ ब्राह्मणनमस्कारनिषेधो धर्मशास्त्रे युज्यते। ‘**यः शूद्रस्थापितं लिङ्गं विष्णुं वा विनमेद् द्विजः । स याति नरकं घोरं यावदाहूतसम्प्लव**’ ( ) मिति । न हि ब्राह्मणानामीश्वरो न नमस्यः क्वचित्। ‘**किं पुनर्ब्राह्मणाः पुण्या**’ (गीता. ९-३३) इति वाक्यात् ।

किञ्च । मन्त्राधीनत्वं तत्तद्देवताया उच्यते । पुरुषोत्तमस्तु ‘**न साधयति मां योगो न साङ्ख्यं धर्म उद्धव । न स्वाध्यायस्तपस्त्यागो यथा भक्तिर्ममोर्ज्जिता**’ (भाग.११-१४-२०) ‘**न रोधयति मां योगो न साङ्ख्यं धर्म एव च । न स्वाध्यायस्तपस्त्यागो नेष्टापूर्तं न दक्षिणाः । व्रतानि यज्ञाश्छन्दांसि तीर्थानि नियमा यमा**’ (भाग.११-१२-१,२) इति, ‘**नाहं वेदैर्न तपसा न दानेन न चेज्यया । शक्य एवं विधो द्रष्टुं दृष्टवानसि मां यथा । भक्त्या त्वनन्यया शक्य अहमेवंविधोऽर्जुन। ज्ञातुं द्रष्टुं च तत्त्वेन प्रवेष्टुं च परन्तपे**’ (गीता.११-५३,५४) त्यादिवाक्यै ‘**नायमात्मे**’ त्याद्युक्तश्रुत्या च न मन्त्रोपासनाद्यधीन इति महद्वैलक्षण्यम्। ‘**अहं भक्तपराधीनो ह्यस्वतन्त्र इव द्विज । साधुभिर्ग्रस्तहृदयो भक्तैर्भक्तजनप्रियः । नाहमात्मानमाशासे मद्भक्तैः साधुभिर्विना । श्रियं चाऽऽत्यन्तिकीं ब्रह्मन् येषां गतिरहं परा । ये दारागारपुत्राप्तप्राणान् वित्तमिमं परम् । हित्वा मां शरणं याताः कथं तांस्त्यक्तुमुत्सहे । मयि निर्बद्धहृदयाः साधवः, समदर्शिनः। वशे कुर्वन्ति मां भक्त्या सत्स्त्रियः सत्पतिं यथे**’ (भाग.९-४-६३ थी ६६) त्यादिभिः, ‘**नालं द्विजत्वं देवत्वमृषित्वं वाऽसुरात्मजाः। प्रीणनाय मुकुन्दस्य न वृत्तं न बहुज्ञता । न दानं न तपो नेज्या न शौचं न व्रतानि च । प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बन**’ (भाग.७-७-५१,५२) मित्यादिभिः ‘**भक्त्याहमेकया ग्राह्यः**’ (भाग.११-१४-२१) ‘**भक्त्या तुतोष भगवान् गजयूथपाये**’ (भाग.७-९-९) त्यादिवाक्य-सहस्रैर्भक्तिमात्राधीनत्वोक्त्या च ततो वैलक्षण्यं पुरुषोत्तमेऽवधेयम्।

શંકા - ‘સર્વ વર્ણોમાં તથા આશ્રમોમાં, સ્ત્રીઓમાં તેમજ જુદા-જુદા જન્મના નક્ષત્રોમાં અભિવાંછિત ફલ છે તેને ખૂબ જ જલદીથી આપનાર આ ગોપાલમંત્ર છે’ ( ) આ વાક્ય મુજબ સર્વ અભીષ્ટને આપવાનું સામર્થ્ય આ ગોપાલમંત્રોપાસનામાં રહેલું છે, તેથી તમે

કહો છો તે મુજબનું ગોપાલમંત્રનું રૂપ નથી ?

સમાધાન - સાચી વાત છે, ગોપાલમંત્રમાં સર્વને અભીષ્ટ આપવાપણું છે. તેમ છતાં પણ ગોપાલમંત્રોપાસનાની ભક્તિરૂપતા નથી, કારણ કે એ ઉપાસનામાર્ગીય છે. કર્મના અંગપણાએ કરવામાં આવેલ ભગવત્ સ્મરણની ભક્તિરૂપતા કહેવી શક્ય નથી, કારણ કે તેવું સ્મરણ કર્મમાર્ગીય હોય છે. વળી ત્યાં ગોપાલમંત્રમાં વારાંગનાનું વશીકરણ વગેરેનું ફલ ત્યાં જણાવવામાં આવ્યું છે. પુરુષોત્તમભક્તિનું તેવું ફલ થઈ શકે નહીં, કારણ કે તેવું ફલ અનર્થરૂપ છે. **‘સાક્ષાદ્ અધોક્ષજ ભગવાનમાં કરાયેલો ભક્તિયોગ એ અનર્થોનું ઉપશમન કરનાર (અવિદ્યા અને તેનાં કાર્યો રૂપ અનર્થોને નિવૃત્ત કરનાર) છે.’** (ભાગ.૧-૭-૬) **‘તેથી જે નિષ્કામ અને નિરપેક્ષ હોય છે તેને (જ) મારી ભક્તિ પ્રાપ્ત થાય છે’** (ભાગ.૧૧-૭-૩૫) વગેરે વાક્યોનો વિરોધ હોવાથી (પુરુષોત્તમ ભક્તિનું ફલ અનર્થ હોઈ શકે નહીં). તેથી જ શૂદ્ર દ્વારા સ્થાપિત મૂર્તિને બ્રાહ્મણ દ્વારા નમસ્કારનો નિષેધ ધર્મશાસ્ત્રોમાં કરેલો છે. **‘જે શૂદ્ર દ્વારા સ્થાપન કરાયેલ મૂર્તિને અથવા વિષ્ણુને જે બ્રાહ્મણ (અથવા બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય) નમસ્કાર કરે છે તે પ્રલય પર્યન્ત ઘોર નરકમાં જાય છે’** (   ) ત્યારે (જો ઉપાસનામાં રહેલ મૂર્તિ અથવા મંત્રના અધિષ્ઠાતામાં પુરુષોત્તમનો આવિર્ભાવ હોય તો ક્યારેય બ્રાહ્મણને માટે ઈશ્વર નમસ્કાર કરવા અયોગ્ય હોય નહીં, કારણ કે **મારી ભક્તિ વડે સ્ત્રીઓ, વૈશ્યો તેમજ શૂદ્રો પણ જો પરાગતિને પામે છે, તો પછી પુણ્યરૂપ એવા બ્રાહ્મણો, ભક્તો, રાજર્ષિઓ વગેરે ભક્તિ વડે પરા ગતિ પામે તેમાં કહેવાનું જ શું હોય’** (ગીતા ૯-૨૩) એમ ગીતામાં ભગવાનનું વાક્ય છે.

વળી, તે - તે મંત્રના અધિષ્ઠાતા દેવો એ મંત્રને આધીન છે એમ (શાસ્ત્રોમાં) કહ્યું છે, જ્યારે પુરુષોત્તમ તો **‘હે ઉદ્ધવ! જે રીતે મારી ઊર્જિતા-પ્રવૃદ્ધા ભક્તિ મને સાધી શકે છે, તેમ મને યોગ, સાંખ્ય, સ્વાધ્યાય, તપ, ત્યાગ સાધી શકતા નથી’** (ભાગ.૧૧-૧૪-૨૦) **‘સર્વ સંગને દૂર કરનાર સત્સંગ મને જે રીતે રોકી લે છે, તે રીતે મને યોગ, સાંખ્ય, ધર્મ, સ્વાધ્યાય, તપ, ત્યાગ, ઈષ્ટાપૂર્ત (કર્મો), દક્ષિણા, વ્રતો, યજ્ઞો, વેદો (ઇતર વૈદિક કર્મો), તીર્થો નિયમો, યમો રોકી શકતા નથી’** (ભાગ.૧૧-૧૨-૧,૨) એમ જણાવ્યું છે. તેમજ **‘હે અર્જુન ! જે પ્રકારે અત્યારે (ચતુર્ભુજરૂપમાં) તૂં મને જોઇ રહ્યો છે તે પ્રકારે વેદ વડે, તપ વડે, દાન વડે, યજ્ઞ વડે મને જોઇ શકવું શક્ય નથી, કિન્તુ હે પરન્તપ અર્જુન ! મારી અનન્યા ભક્તિ વડે આ પ્રકારે મને જાણવું, જોવું અને તત્ત્વરૂપે પ્રવેશ કરવો શક્ય છે’** (ગીતા. ૧૧-૫૩,૫૪) વગેરે વાક્યો વડે અને **‘નાયમાત્મા’** વગેરે શ્રુતિઓ વડે (પુરુષોત્તમ) મન્ત્રોપાસના વગેરેને આધીન નથી એ (વિભૂતિ અને પુરુષોત્તમ વચ્ચે) બહુ જ મોટી વિલક્ષણતા રહેલી છે. **‘હે દ્વિજ ! જેમ કોઇ બીજાને પરતન્ત્ર હોય તેની માફક હું ભક્તને પરાધીન છું. મારા ભક્તો એવા સાધુપુરુષો વડે મારું હૃદયગ્રસ્ત છે (તેથી) હું ભક્તજન પ્રિય છું, હે બ્રહ્મન્ ! જેમની પરમગતિ હું જ છું એવા મારા ભક્ત-સાધુ પુરુષો વિના હું મારી પોતાની કે આત્યન્તિકી લક્ષ્મીની પણ આશા-ઇચ્છા રાખતો નથી, જે લોકો સ્ત્રી, ઘર, પુત્ર, આપ્તજનો, પ્રાણો, વિત્ત, આલોક સંબન્ધી, પરલોક સંબન્ધી બધું જ ત્યાગીને મારા શરણે આવ્યા છે, તેમનો ત્યાગ કરવાનો પ્રયત્ન હું કેમ કરી શકું, જેમ કોઇ સત્ સ્ત્રી સત્પતિને વશ કરી લે છે તેમ મારામાં જ જેમનું હૃદય સર્વ પ્રકારે બંધાયેલું છે તેવા સમદર્શી સાધુઓ (ભક્તો) મને વશમાં કરી લે છે’** (ભાગ.૯-૪-૬૩ થી ૬૬) વગેરે વાક્યો વડે. તેમજ **‘હે અસુરપુત્રો ! દ્વિજપણું, દેવપણું, ઋષિપણું, સદાચાર, બહુ જાણવું, દાન, તપ, યજ્ઞ, પવિત્રતા, વ્રતો આ બધું જ મોક્ષને આપરનારા ભગવાન મુકુન્દને પ્રસન્ન કરવા પર્યાપ્ત નથી પરન્તુ (કેવલ) અમલા-નિર્ગુણા ભક્તિ વડે**

જ હરિ પ્રસન્ન થાય છે, આ સિવાયના બધા જ સાધનો ક્લેશરૂપ અને નકલ કરવા રૂપ છે’ (ભાગ.૭-૭-૫૧,૫૨) વગેરે વાક્યો વડે તેમજ **‘હું એકમાત્ર ભક્તિ વડે જ ગ્રહણ થઇ શકું છું’** (ભાગ.૧૧-૧૪-૨૧) **‘ગજેન્દ્ર ઉપર ભગવાન ભક્તિ વડે જ સંતુષ્ટ થયા’** (ભાગ.૭-૯-૯) વગેરે હજારો વાક્યોથી માત્ર ભક્તિ વડે જ ભગવાન આધીન થાય છે તેથી વિભૂતિથી પુરુષોત્તમની વિલક્ષણતા જાણવી જોઈએ.

ननु मन्त्रादेरपि भगवदीयत्वात्तत्सम्बन्धि सर्वं भक्तिरूपमेवेति नोक्तानुपपत्तिरिति चेत् । हन्तेदं **‘पाण्डुरमृत्पानीयमेवशुनस्तक्र’**मित्याभाणकमनुहरति । ननु कथमेवम् । इत्थम् । श्रीमदुद्धवपृष्टेन यदुवंशोदयाचलचूडामणिना पूजामार्गं निरूप्य **‘प्रतिष्ठया सार्वभौमं सद्मना भुवनत्रयम् । पूजादिना ब्रह्मलोकं त्रिभिर्मत्सार्ष्टितामिया’** (भाग.११-२७-५२) दिति प्रत्येकसमुदायाभ्यां फलभेदं निरूप्य **‘मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दति । भक्तियोगं स लभत एवं यः पूजयेत मा’** (भाग.११-२७-५३) मिति निरूपितम् । अत्र पूर्वार्द्ध एवकारेण पूर्वोक्तपूजाफलव्यवच्छेदपूर्वकं स्वस्य भक्तियोगफलत्वमुक्तमिति फलभेदादपि स्वरूपभेद आयात्येव । उत्तरार्द्धे च पूजायाः साधनत्वं भक्तेश्च फलत्वं चेति स्पष्ट एव पूजादेर्भक्तेर्भेदः । भगवत्स्वरूपातिरिक्तफलके कर्मणि ज्ञाने वा न भक्तित्वम् । भक्तौ च न स्वरूपातिरिक्तफलकत्वम् । अतो न पूजादिर्भक्तिरिति निरूपणार्थमेव **मामेवे**त्यादि निरूपितमिति वेदितव्यम् । अन्यथा पूजाप्रकरणे तन्निरूपणमसङ्गतं स्यात् । **‘यत्कर्मभिर्यत्तपसा ज्ञानवैराग्यतश्च यत् । योगेन दानधर्मेण श्रेयोभिरितरैरपि । सर्वं मद्भक्तियोगेन मद्भक्तो लभतेऽञ्जसे’** (भाग.११-२०-३२)ति तु भक्तिसाध्यं नान्येन सिध्यत्यन्यसाध्यं भक्तेरानुषङ्गिकमिति कथनार्थम् । कल्पतरुस्वभावत्वज्ञापनाय चोक्तम् । अग्रे **‘स्वर्गापवर्गं मद्धाम कथञ्चिद्यदि वाञ्छती’** (भाग.११-२०-३३) ति वचनात् । तेन भक्तिरेव कार्या नान्यदिति फलितं भवति । **‘दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः । श्रेयोभिर्विविधैश्चान्यैः कृष्णे भक्तिर्हि साध्यत’** (भाग.१०-४७-२४) इति वाक्याच्च न मन्त्रजपादेर्भक्तित्वम् । भगवदर्थमेव कृता भगवत्पूजा भक्तिर्भविष्यतीत्याशङ्कानिरासायोत्तरार्द्धे तादृश्यास्तस्यास्तत्साधनत्वमुक्तम् । अन्यथा **पूजादिने**त्यादिना विरोधः स्यात् । एतेन लोके शास्त्रे वा क्वचित्तादृश्यां तस्यां भक्तिपदप्रयोग औपचारिक इति ज्ञापितम् । न च **‘मा’**मितिपदेन पूजाया अपि विषयः पुरुषोत्तम एवेति वाच्यम् । विभूतिरूपस्यापि भगवद्रूपत्वात्तथोक्तम् । पुरुषोत्तमत्वे बाधकमुक्तमेव मन्त्रशास्त्र इत्यादिना । अन्यफलाद्यनुसन्धानराहित्यूपर्वकं भगवद्भावनायां क्रियमाणायां पुरुषोत्तमावेशोऽप्यन्तःकरणे पूज्ये च भवतीति ज्ञापनाय वा **मा** मित्युक्तम् । अत एव भक्तिस्तया फलिष्यति, ‘**यमेवैष वृणुत**’ इति श्रुतेस्तदैव तद्वरणात् ।

શંકા - (સર્વ દેવો ભગવાનના અવયવરૂપ છે અને તેમના યજન વગેરેથી થયેલું ફળ પણ **‘मयैव विहितान् हि तान्’** **‘મારા વડે જ નિર્મિત**

થયું છે તેમ તૂં જાણ’ (ગીતા.   ) એ વાક્યથી ભગવાન વડે જ થાય છે એમ ભગવાને ગીતામાં જણાવ્યું છે તેથી) મંત્ર વગેરે (ઉપાસના, વૈદિક-તાંત્રિક દીક્ષા, અર્ચના વગેરે) પણ ભગવદીય-ભગવાનના સંબન્ધી હોવાથી અને ભગવાન સંબન્ધી સર્વ કંઇ એ ભક્તિરૂપ જ હોય છે તેથી તેમાં (યજ્ઞ-અર્ચન-ઉપાસના વગેરે પણ ભક્તિરૂપ જ હોવાથી તેમાં) કાંઇ અનુપપત્તિ નથી ?

ઉત્તર - રે ! અત્યન્ત ખેદની વાત છે કે **સફેદ માટીના ઘડામાં ભરેલું જલ કૂતરાની છાશ છે** (સફેદ માટીના ઘડામાં ભરેલું જળ સફેદ દેખાય તે જોઈ છાશ સમઝી કૂતરો પીવા આવી જાય) એમ ભાંડ (મશ્કરીમાં) બોલે’ એમ તારું કહેવું છે. **પ્રશ્ન** - એમ કેમ કહો છો ? **ઉત્તર** - આ પ્રમાણે - એકાદશ સ્કન્ધમાં શ્રીઉદ્ધવજી દ્વારા પ્રશ્ન કરાતાં યદુવંશરૂપ ઉદયાચલના ચૂડામણિ એવા પ્રભુ શ્રીકૃષ્ણે પૂજામાર્ગનું નિરૂપણ કરીને **‘મારી મૂર્તિની પ્રતિષ્ઠા કરવાથી સાર્વભૌમ સત્તા (એટલે કે ચક્રવર્તી રાજ્ય) મળે છે. મારું મંદિર (દેવાલય) બંધાવવાથી ત્રણ લોકનું ઐશ્વર્ય મળે છે, પૂજા વગેરે વડે બ્રહ્મલોક પ્રાપ્ત થાય છે અને આ ત્રણે (પ્રતિષ્ઠા-મંદિર-પૂજા) કરવાથી મારા સમાન ઐશ્વર્યને પામે છે’** (ભાગ.૧૧-૨૭-૫૨) આ પ્રમાણે ત્રણેનું જૂદું જૂદું અને ત્રણેનું ભેગુ કરીને ફલભેદનું નિરૂપણ કરીને પછી **‘નિરપેક્ષતાનો જેમાં ભાવ રહેલો છે તેવા ભક્તિયોગ વડે જે આ પ્રકારે મને પૂજે છે તેને ભક્તિયોગનો લાભ થઇ મને જ પામે છે’** (ભાગ.૧૧-૨૭-૫૩) એમ નિરૂપણ કર્યું છે. આ શ્લોકના પૂર્વાર્દ્ધમાં જે **एव**કારનો પ્રયોગ છે તેના વડે પૂર્વમાં કહેવાયેલ પૂજાફલથી જૂદું પાડવાની સાથે પોતાનો ભક્તિયોગ ફલરૂપમાં કહ્યો છે, તેથી કરીને ફલભેદથી પણ સ્વરૂપભેદ પ્રાપ્ત થાય જ છે. શ્લોકના ઉત્તરાર્દ્ધમાં પૂજા એ ભક્તિપ્રાપ્તિનું સાધન છે અને ભક્તિ એ ફલ છે તેથી પણ પૂજા વગેરેનો ભક્તિથી ભેદ છે એ સ્પષ્ટ જ છે. અતઃ ભગવત્સ્વરૂપથી અલગ જેનું ફલ થતું હોય તેવા કર્મમાં અથવા જ્ઞાનમાં ભક્તિપણું નથી. તેવી જ રીતે ભક્તિમાં ભગવત્સ્વરૂપાત્મક ફલથી અલગ બીજું કોઇ ફલ થતું નથી. તેથી પૂજા વગેરે એ ભક્તિ નથી એમ નિરૂપણ કરવાના હેતુથી જ **‘मामेव’** ‘મને જ’ એમ નિરૂપણ કરાયું છે એમ જાણવું. જો એમ ન હોય તો પૂજા પ્રકરણમાં તેનું નિરૂપણ કરવું અસંગત થાય. **‘જે કર્મ વડે, જે તપ વડે અને જે જ્ઞાન-વૈરાગ્યથી, યોગ વડે, દાન વડે, ધર્મ વડે તેમજ બીજા-બીજા શ્રેયો વડે પણ પ્રાપ્ત થાય છે તે બધું જ મારો ભક્ત મારી ભક્તિ વડે શીઘ્ર જ પ્રાપ્ત કરી લે છે’** (ભાગ.૧૧-૨૦-૩૨-૩૩) એમ ભક્તિથી જે ફલ સાધ્ય છે તે બીજા સાધનોથી અસાધ્ય છે અને બીજા સાધનોથી જે ફલ સધાય છે તે ભક્તિનું આનુષંગિક ફલ છે એમ કહેવા અર્થે અને ભક્તિ એ કલ્પતરુ સ્વભાવવાળી છે (જેની પાસે જવાથી બધું જ આપે તેવો સ્વભાવ) ભક્તિથી બધું જ સધાય છે એમ કહ્યું છે અને આગળ (તેવો ભક્ત) **‘યદિ ક્યારેક કોઇ પણ પ્રકારે ઇચ્છા કરે તો સ્વર્ગ, મોક્ષ કે મારું ધામ પણ મેળવે છે’** (ભાગ.૧૧-૨૦-૩૩) એમ જણાવ્યું છે. તેથી કરીને ભક્તિ જ કરવી, બીજું કંઇ નહીં કરવું એમ કહેવું ફલિત થાય છે. **‘દાન, વ્રત, તપ, હોમ, જપ, સ્વાધ્યાય, સંયમ તથા બીજા શ્રેયો વડે (લોકો) કૃષ્ણમાં ભક્તિને સાધે છે’** (ભાગ.૧૦-૪૭-૨૪) એ વાક્ય મુજબ મંત્ર-જપ વગેરે એ ભક્તિ નથી. **શંકા** - ભગવાનના અર્થે જ કરેલી ભગવત્ પૂજા ભક્તિ થશે ? તેવી આશંકા થાય તો તેના નિરાસન માટે **ઉત્તર** - ઉત્તરાર્દ્ધમાં તેવી (ભગવદર્થ કરેલી) પૂજા ભક્તિનું સાધન છે એમ જણાવ્યું છે. અન્યથા **પૂજા વગેરે વડે** વગેરે વાક્યો સાથે વિરોધ આવશે. આના વડે લોકમાં અથવા શાસ્ત્રમાં ક્યારેક કંઈક સરખાપણાથી તેને માટે ભક્તિપદનો પ્રયોગ કરવામાં આવે છે તે ઔપચારિક છે તેમ જ્ઞાપિત કર્યું છે. **શંકા** - ભગવદ્ વાક્યમાં **‘माम्’ ‘મને’** એમ પદ હોવાના કારણે પૂજાનો પણ વિષય પુરુષોત્તમ જ છે ? **ઉત્તર** - એમ નહીં કહેવું જોઈએ. કારણ કે વિભૂતિરૂપો પણ ભગવદ્રૂપ હોવાથી **‘माम्’** પદ પ્રયોગ છે. અથવા પુરુષોત્તમથી અતિરિક્ત અન્ય ફલ

વગેરેનું અનુસન્ધાન રાખ્યા વિના ભગવદ્ ભાવના કરાતાં પુરુષોત્તમનો આવેશ પણ અન્તઃકરણમાં અથવા પૂજ્ય (મૂર્તિ)માં થાય છે એમ જણાવવા માટે **'મામ્'** પદનો પ્રયોગ છે. તેથી જ તે (અન્ય ફલ વગેરેના અનુસન્ધાન વિનાની પુરુષોત્તમ આવેશવાળી મૂર્તિની) પૂજા વડે ભક્તિરૂપ ફલ થશે, **'જેનું આ આત્મા વરણ કરે છે'** એ શ્રુતિ મુજબ ત્યારે જ - તે સમયે જ ભગવાને તેનું -જીવનું વરણ કરેલું હોવાથી (તે પૂજા કરનાર જીવમાં ભક્તિ પ્રગટ થાય છે).

अत्राधिकारिभेदेन पूजाफलभेदोक्त्या **'यमेवे'**ति श्रुतौ कर्मज्ञानभक्तिषु निःशङ्कं फलार्थिप्रवृत्तिरनुपपन्नेत्यनुपपत्तिर्निरस्ता वेदितव्या । कर्मादिविधिषु विविधफलश्रवणात्तत्तत्फलरागवांस्तत्र तत्र यतिष्यत इत्युपपत्तेः । नन्वेवं पुरुषोत्तमार्थिप्रवृत्त्यनुपपत्तिः । मैवम्, तदर्थित्वस्यैव वरणकार्यत्वात् । अन्यथा तदनुत्पत्तेः । वरणे चाऽस्ति प्रकारद्वयं मर्यादापुष्टिभेदेन । आद्यस्तु तत्साधने भवति प्रवृत्तः, तथैव तद्वरणात् । परन्तु स्नेहोत्पत्तिपर्य्यन्तं विधिरेव तत्र प्रयोजकः । तदुत्पत्त्यनन्तरं च रागादेव तत्संबन्धिपदार्थे यतिष्यत इति विधेरप्रयोजकत्वम् । द्वितीयस्य तु प्रवृत्त्यप्रवृत्ती अप्रयोजिके, भगवता स्वस्यैव साधनत्वेनाऽङ्गीकारात् । अत एव '**अह्न्यापृतं निशि शयानमतिश्रमेण**'(भाग.२-७-३१) ति गोकुलविशेषणं द्वितीयस्कन्धे ब्रह्मणोक्तमिति सर्वमवदातम् । किञ्च । विष्णुविषयकत्वेनैव भक्तित्वे कर्माङ्गत्वेन क्रियमाणविष्णु-स्मरणादेरपि भक्तित्वापत्तिः । कर्ममार्गीयत्वान्न तथा । पूर्वोक्तन्यायेन विभूतिरूपस्यैव विष्णोः स्मरणादेस्तत्र विहितत्वाच्च न तथा, कर्ममार्गे भगवद्विभूतीनामेवेज्यत्वात् । अत एव राजसूयं चिकीर्षुणा धर्मराजेन प्रभुं प्रति विज्ञापितम् - **'यक्ष्ये विभूतीर्भवतस्तत्सम्पादय नः प्रभो'** (भाग.१०-७२-३) इति । अन्यथा साक्षाद्धरिं विज्ञापयंस्**त्वा**मित्येव वदेत् । एतेन भगवदिच्छायां सत्यामेव भक्तस्य कर्मकरणम् । तत्र चोक्तानां देवानां तद्विभूतित्वेनैव यागः । अन्यथानन्यत्वभङ्गप्रसङ्ग इति सूचितम् ।

અહીં (એકાદશ સ્કન્ધના વાક્યમાં) અધિકારીના ભેદ વડે ફલ ભેદ કહ્યો તેથી **'यमेव' 'જેનું આ આત્મા વરણ કરે છે'** એ શ્રુતિ મુજબ કર્મ-જ્ઞાન-ભક્તિમાં ફલાર્થીની નિઃશંક પ્રવૃત્તિ નહીં થાય એવી શંકા પણ નિરસ્ત થયેલી જાણવી. કર્મ વગેરે વિધિમાં જુદા જુદા ફલ કહેવાયેલા હોવાથી તે- તે ફળની ઈચ્છાવાળાની (પોતપોતાના અધિકાર અનુસાર) તેમાં - તેમાં પ્રવૃત્તિ થશે એમ ઉપપત્તિથી જ સમઝવાનું છે.

શંકા - તો પછી પુરુષોત્તમની ઈચ્છાવાળાની (પુરુષોત્તમે તેનું વરણ કર્યું છે કે નહીં તે નહીં જાણી શકવાથી પુરુષોત્તમનાં ભજનમાં) પ્રવૃત્તિ નહીં થાય ?

ઉત્તર - એમ કહેવું જોઈએ નહીં, કારણ કે પુરુષોત્તમે વરણ કરેલું હોય ત્યારે જ તે પુરુષોત્તમભજન કરવાની ઈચ્છાવાળો થાય છે, જેનું પુરુષોત્તમે વરણ નથી કર્યું તે પુરુષોત્તમ ભજનની ઈચ્છાવાળો નહીં થાય. ભગવાન વડે વરણમાં પણ બે પ્રકાર રહેલા છે, મર્યાદા અને પુષ્ટિ ભેદે. તે પૈકી આદ્ય (જેનું મર્યાદામાં વરણ થયું છે) છે તે ભક્તિપ્રાપ્તિના સાધનોમાં પ્રવૃત્ત થાય છે, તે મુજબ જ તેનું વરણ થયું હોવાથી. પરન્તુ ભગવાનમાં સ્નેહ ઉત્પન્ન થાય ત્યાંસુધી તેને માટે વિધિ જ પ્રયોજક છે અને સ્નેહ ઉત્પન્ન થયા પછી તો ભગવાનમાં અનુરાગવશ જ ભગવત્ સંબન્ધી (અથવા ભગવત્સેવા સંબન્ધી) પદાર્થમાં જ તે પ્રવૃત્તિશીલ બનશે તેથી તે પછી તેને માટે વિધિ અપ્રયોજક બની જાય છે.

બીજાને (જેનું પુષ્ટિમાં વરણ થયું છે તેને) માટે પ્રવૃત્તિ-અપ્રવૃત્તિ બન્ને અપ્રયોજક છે. કારણ કે તેનાં અંગીકારના પ્રકારમાં (અન્ય સર્વ સાધનોની અનપેક્ષાએ) ભગવાન પોતે જ તેનાં સાધનરૂપમાં રહેલા છે. તેથી જ **‘દિવસભર લૌકિક કાર્યોમાં વ્યાપૃત રહેનારા અને થાકીને રાત્રે સૂઈ જનારા (એવા ગોકુલવાસીઓ)’** (ભાગ.૨-૭-૩૧) એમ દ્વિતીયસ્કન્ધમાં બ્રહ્માજીએ ગોકુલવાસીઓના વિશેષણમાં (દિવસ-રાત્રી લૌકિકમાં વ્યસ્તતાવશ તેઓ વડે કોઈ અલૌકિક ભક્તિનું સાધન થતું હોય કે થયું હશે તે શક્ય નથી એમ) જણાવ્યું છે તેથી આ બાબતમાં કંઈ પણ અસુંદર-અશુદ્ધ નથી. જો વિષ્ણુ વિષયક હોવા માત્રથી જ ભક્તિપણું થઈ જતું હોય ત્યારે તો પછી કર્માંગના રૂપમાં કરાતા વિષ્ણુ સ્મરણ વગેરેને પણ ભક્તિ છે તેમ કહેવાની આપત્તિ આવી પડે છે. જ્યારે તેવા સ્મરણ વગેરે કર્મમાર્ગીય હોવાથી ભક્તિ છે તેમ કહી શકાય તેમ નથી. તેમજ પૂર્વમાં કહેવાઈ ગયા પ્રકારે ઉપાસનામાં ઉપાસ્ય દેવો એ પુરુષોત્તમની વિભૂતિ છે તે રીતે વિષ્ણુસ્મરણાદિ નામે વિષ્ણુના વિભૂતિરૂપનું જ ત્યાં (કર્મમાર્ગમાં) સ્મરણ વગેરે વિહિત હોવાથી તે સ્મરણાદિ ભક્તિરૂપ નથી. કારણ કે કર્મમાર્ગમાં ભગવાનની વિભૂતિનું જ ઈજ્યપણું છે. તેથી જ રાજસૂયયજ્ઞ કરવાની ઈચ્છાવાળા યુધિષ્ઠિરે પ્રભુ શ્રીકૃષ્ણને વિજ્ઞાપન કરતાં કહ્યું કે - **‘હે પ્રભુ ! (રાજસૂય યજ્ઞ વડે) હું આપની વિભૂતિઓનું યજન કરીશ, તેનું (તે યજ્ઞના કાર્યોનું) સમ્પાદન આપ કરી આપો’** (ભાગ.૧૦-૭૨-૩) અન્યથા (યજ્ઞ દ્વારા જો પુરુષોત્તમનું જ યજન થયું હોતે તો) સાક્ષાત્ હરિને વિજ્ઞાપન કરતાં **‘त्वाम्’ ‘તમારું યજન-પૂજન કરીશ’** એમ જ કહેતે. તેથી કરીને તેવી ભગવદિચ્છા હોતાં ભક્તે કર્મ કરવું જોઈએ અને તે યજ્ઞાદિ કર્મમાં કહેવાયેલા દેવોનું ભગવાનની વિભૂતિરૂપમાં જ યાગ-યજન કરવું, તેથી (ભગવાનની ઈચ્છા વિના અને તે દેવોને ભગવાનની વિભૂતિરૂપે જાણ્યા વિના ઈષ્ટરૂપે) તેવા યજ્ઞો કરવાથી અનન્યતાનો ભંગ થવાનો પ્રસંગ આવે છે એમ સૂચિત કર્યું છે.

अपरञ्च । तत्तदुपासकस्य तत्तत्सायुज्यं परमफलम्, **‘देवान् देवयजो यान्ती’** (गीता.७-२३)ति वाक्यात्, **‘यं यं वापि स्मरन्भावं त्यजत्यन्ते कलेवरम् । तं तमेवैति कौन्तेय सदा तद्भावभावित’** (गीता.८-६) इति वचनात् । एवञ्च सत्येकादशस्कन्धेऽस्मत्प्रभुणा **‘केवलेन हि भावेन गोप्यो गावः खगा मृगाः । येऽन्ये मूढधियो नागाः सिद्धा मामीयुरञ्जसे’**(भाग.११-१२-८) ति महता प्रबन्धेन गोकुलवासिनां स्वप्राप्तिं निरूप्य **‘यन्न योगेन साङ्ख्येन दानव्रततपोध्वरैः । व्याख्यास्वाध्यायसंन्यासैः प्राप्नुयाद्यत्नवानपी’**(भाग.११-१२-९) तीतरसाधनवदप्राप्यत्वं स्वस्य निरूपितमिति भक्त्यतिरिक्तसाधनप्राप्यं न पुरुषोत्तमस्वरूपमिति निश्चियते । गीतासु च पार्थेन **‘एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते । ये चाप्यक्षरमव्यक्तं तेषां के योगवित्तमा’** (गीता.१२-१) इति प्रश्ने कृते **‘मय्यावेश्य मनो ये मां नित्ययुक्ता उपासते । श्रद्धया परयोपेतास्ते मे युक्ततमा मता’** (गीता.१२-२) इति भक्तिमार्गीयोपासनस्य ज्ञानमार्गादुत्कर्षमुक्त्वा **‘ये त्वक्षर’** (गीता.१२-३) मित्यादिना ज्ञानमार्गिणामपकर्षमुक्तवान् भगवानिति न ज्ञानमार्गस्यापि पुरुषोत्तमविषयत्वम् । अत्र **‘ते प्राप्नुवन्ति मामेवे’**(गीता.१२-४) त्यत्राक्षरस्यापि पुरुषोत्तमाधिष्ठानत्वेन तद्विभूतिरूपत्वान्**मामि**त्युक्तम् । न चाक्षरमेव पुरुषोत्तम इति वाच्यम्, **‘कूटस्थोऽक्षर उच्यते’** (गीता.१५-१६)

‘**उत्तमः पुरुषस्त्वन्यः**’ (गीता.१५-१६) ‘**अक्षरादपि चोत्तम**’ (गीता.१५-१८) इति भगवद्वचनात्। कर्ममार्गोऽप्येवमेव ज्ञेयः । तथा हि । ‘**यामिमां पुष्पितां वाचं प्रवदन्त्यविपश्चितः । वेदवादरताः पार्थ नान्यदस्तीति वादिन**’ (गीता.२-४२) इत्यादिना । ‘**त्रैविद्या मां सोमपाः पूतपापा यज्ञैरिष्ट्वा स्वर्गतिं प्रार्थयन्ते । ते पुण्यमासाद्य सुरेन्द्रलोकमश्नन्ति दिव्यान् दिवि देवभोगान् । ते तं भुक्त्वा स्वर्गलोकं विशालं क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति । एवं त्रयीधर्ममनुप्रपन्ना गतागतं कामकामालभन्त**’ (गीता.९-२०,२१) इत्यादिभगवद्गीतासु श्रीभागवते च ‘**अथ यो गृहमेधीयान् धर्मानिवाऽऽवसन् गृहे । काममर्थं च धर्मान्स्वान् दोग्धि भूयः पिपर्ति तान् । स चापि भगवद्धर्मात्काममूढः पराङ्मुखः । यजते क्रतुभिर्देवान् पितृंश्च श्रद्धयान्वित**’ (भाग.३-३२-१,२) इत्यादि - ‘**ये त्विहासक्तमनसः कर्मसु श्रद्धयान्विताः । कुर्वन्त्यप्रतिषिद्धानि नित्यान्यपि च कृत्स्नशः । रजसा कुण्ठमनसः कामात्मानोऽजितेन्द्रियाः । पितृन्यजन्त्यनुदिनं गृहेष्वभिरताशयाः । त्रैवर्गिकास्ते पुरुषा विमुखा हरिमेधसः । कथायाः कथनीयोरुविक्रमस्य मधुद्विष**’ (भाग.३-३२-१६ थी १८) इत्यादिना जायस्व म्रियस्वेति तृतीयमार्गप्रवेशो निरूपित इति।

ઉપરાન્ત, તે-તે દેવોના ઉપાસકને માટેનું પરમ ફલ તે - તે દેવોનું સાયુજ્ય થવું છે, **‘દેવોનું યજન કરનાર દેવોને પામે છે’** (ગીતા. ૭-૨૩) એ વાક્ય મુજબ તેમજ **જે - જે ભાવનું સ્મરણ કરતાં જીવનના અન્તે કલેવર-દેહને ત્યાગે છે, તે - તે ભાવથી ભાવિત-યુક્ત લોકો સદા તે - તે ભાવને જ પ્રાપ્ત થાય છે’** (ગીતા. ૮-૬) એમ પણ વચન છે તેમજ એકાદશ સ્કન્ધમાં અમારા શ્રીપ્રભુએ **‘ગોપીઓ, ગાયો, પક્ષીઓ, મૃગો તેમજ બીજા અન્ય મૂઢબુદ્ધિવાળા નાગો, સિદ્ધો કેવલ ભાવ વડે ખૂબ જ શીઘ્રતાથી - વિનાશ્રમે મને પામ્યા છે’** (ભાગ.૧૧-૧૨-૮) એમ ઘણાં વિસ્તારથી ગોકુલવાસીઓને (કેવલ ભાવ વડે) પોતાની પ્રાપ્તિનું નિરૂપણ કરીને **‘જે યોગ, સાંખ્ય,દાન, વ્રત, તપ, યજ્ઞ, વ્યાખ્યા, સ્વાધ્યાય, સંન્યાસ (વગેરે સાધનો) વડે યત્ન કરનારાઓ જે પ્રાપ્ત નથી કરતા’** (ભાગ.૧૧-૧૨-૯) એમ (ભક્તિથી) ઈતર સાધનોવાળાઓ માટે પોતાનું અપ્રાપ્યપણું નિરૂપણ કર્યું છે, તેથી ભક્તિ સિવાયના બીજા સાધનોથી પુરુષોત્તમ સ્વરૂપ અપ્રાપ્ય છે એમ નિશ્ચય થાય છે. ગીતામાં પણ **‘એ પ્રમાણે જે આપના ભક્તો આપનાથી સતત જોડાઇ રહીને આપની સર્વ પ્રકારે ઉપાસના કરે છે અને જે લોકો અક્ષર-અવ્યક્તની ઉપાસના કરે છે તે બેમાં (આપની સાથેના) યોગને અતિ ઉત્તમ પ્રકારે જાણનારા કોણ છે ?** (ગીતા.૧૨-૧) એમ અર્જુન વડે પ્રશ્ન કરાતાં **‘પરા શ્રદ્ધાથી યુક્ત થયેલા લોકો મારામાં મનનો નિવેશ કરાવી નિત્ય મારી સાથે જોડાયેલા રહી મારી ઉપાસના કરે છે તે લોકો મારા મતે મારી સાથે અત્યન્ત જોડાઇ રહેલા છે’** (ગીતા.૧૨-૨) એમ ભક્તિમાર્ગીય ઉપાસનાનો જ્ઞાનમાર્ગથી ઉત્કર્ષ જાણાવીને **‘કિન્તુ જે લોકો અક્ષરને ઉપાસે છે’** (ગીતા.૧૨-૩) વગેરે વાક્યોથી જ્ઞાનમાર્ગીઓનો અપકર્ષ ભગવાને જાણાવ્યો છે, તેથી જ્ઞાનમાર્ગનો પણ વિષય પુરુષોત્તમ નથી. અહીં **‘તે લોકો મને જ પ્રાપ્ત કરે છે’** (ગીતા.૧૨-૪) આ સ્થળે અક્ષર પણ પુરુષોત્તમના અધિષ્ઠાનરૂપે પુરુષોત્તમનું વિભૂતિરૂપ હોવાથી **‘माम्’ ‘મને’** એમ કહ્યું છે, તેથી કરીને અક્ષર પણ પુરુષોત્તમ જ છે એમ નહીં કહેવું (માનવું) જોઈએ, (કારણ કે) **‘કૂટસ્થ - સમૂહરૂપ અક્ષર કહેવાય છે’** (ગીતા.૧૫-૧૬) **‘ઉત્તમ પુરુષ તો આથી બીજો જ છે’**

(ગીતા.૧૫-૧૬) **‘હું અક્ષરથી પણ ઉત્તમ છું’** (ગીતા.૧૫-૧૮) એમ ભગવાનના વચનો છે. કર્મમાર્ગ પણ આ મુજબનો જ (જ્ઞાનમાર્ગની માફક જ) જાણવો. **‘હે પાર્થ ! વેદના વાદમાં રત થયેલા અને વેદમાં (કર્મકરણ અને કર્મફળ સિવાય) બીજું કંઇ નથી એમ કહેનારા-બોલનારા અવિદ્વાન-અજ્ઞાની લોકો આ (આવી) પુષ્પિતા (જેમાં પુષ્પથી આગળ ફલ નથી તેવી) વાણીને જોરશોરથી બોલતા હોય છે’** (ગીતા.૨-૪૨) વગેરે વડે (કર્મમાર્ગનો પણ વિષય પુરુષોત્તમ નથી). **‘(કર્મના પ્રતિપાદનવાળી) વેદત્રયીની વિદ્યાવાળા (નિષ્ણાતો) સોમપાન કરનારા પાપ દૂર કરી પવિત્ર થયેલા લોકો યજ્ઞો વડે મારું યજન કરી સ્વર્ગલોક પ્રાપ્તિની પ્રાર્થના કરે છે, તે લોકો પુણ્યનું સમ્પાદન કરીને સુરેન્દ્ર લોકમાં (સ્વર્ગમાં) દિવ્ય દેવભોગ ભોગવે છે, તે લોકો વિશાલ સ્વર્ગલોકમાં તે (દિવ્ય) ભોગ કરીને પુણ્ય ક્ષીણ થતાં (અધોગતિએ) મૃત્યુલોકમાં પાછા પ્રવેશે છે, આ પ્રમાણે વેદત્રયીના ધર્મની પાછળ ચાલનારા કામનાઓની ઇચ્છાવાળાઓ (અહીંથી સ્વર્ગમાં જવું અને ત્યાંથી પાછા આવવું એમ) આવન-જાવન કર્યા જ કરે છે’** (ગીતા.૯-૨૦,૨૧) વગેરે વાક્યોથી ભગવદ્‌ગીતામાં અને શ્રીભાગવતમાં **‘જે પુરુષ ગૃહસ્થાશ્રમના ધર્મોનું (સકામભાવે) આચરણ કરતાં ઘરમાં વસે છે અને એના ફલરૂપ અર્થ અને કામનો ઉપભોગ કરે છે અને ફરી પાછો તે જ ધર્મ, અર્થ, કામનું અનુષ્ઠાન કરતો રહે છે, તે કામથી મૂઢ બનેલો ભગવદ્ધર્મોથી વિમુખ થઇ જાય છે અને યજ્ઞો વડે દેવો અને પિતૃઓનું તેમનામાં શ્રદ્ધાવાળો થઇને યજન કરતો રહે છે.’** (ભાગ.૩-૩૨-૧,૨) **‘જેમનું ચિત્ત આ લોકમાં આસક્ત છે અને કર્મમાં શ્રદ્ધાવાળા છે, તે લોકો વેદોક્ત સમગ્ર અનિષિદ્ધ કામ્ય નિત્યકર્મો (સાંગોપાંગ) કરવામાં વ્યસ્ત રહે છે, એમની બુદ્ધિ રજોગુણથી કુંઠિત થયેલી હોય છે, તેમનું અન્તઃકરણ કામથી ભરપૂર હોય છે અને ઇન્દ્રિયો તેમના વશમાં નથી હોતી, તેઓ ઘરમાં (અને ઘરસંબન્ધી વિષયોમાં) જ અભિરત-પ્રીતિપૂર્વક પ્રવૃત્ત થયેલાઓ પ્રતિદિન પિતૃઓના યજનમાં લાગેલા રહે છે, તે લોકો ધર્મ, અર્થ અને કામમાં જ પરાયણ રહી ભવ ભય દૂર કરનારા, ઘણાં પરાક્રમવાળા, મધુ દૈત્યને મારનારા એવા ભગવાનની કથાથી વિમુખ રહે છે.’** (ભાગ.૩-૩૨-૧૬ થી ૧૮) વગેરે વાક્યોથી જાયસ્વ-પ્રિયસ્વ (જન્મવું-મરવું)નો જે ત્રીજો (આસુર)માર્ગ છે તેમાં તેમનો પ્રવેશ થાય છે એમ નિરૂપણ કર્યું છે.

ननु नवविधभक्तावर्चनस्याप्युक्तत्वाकथं न पूजायास्तथात्वमिति चेत् । अत्र वदामः । श्रवणादिनवकमप्यधिकारिभेदेन क्रियमाणं सत् कर्मज्ञानोपासनाभक्तिमार्गीयत्वेनानेकविधं भवति । तथा हि । श्रीभागवतसहस्रनामादिश्रवणकीर्तनयोः फलत्वेन हि चत्वारोऽप्यर्था उच्यन्ते । तत्र त्रिवर्गकामेन क्रियमाणः श्रवणादिः कर्ममार्गीय एव । तत्राप्यर्थाद्यर्थिभिर्विहितत्वेन कृतश्चेत्तदा स तथा । वृत्त्यर्थं चेत् कृषिवल्लौकिक एव । शौचार्थिगङ्गास्पर्शवच्च । न हि तस्य मलनिवृत्त्यतिरिक्तो धर्म उत्पद्यते । प्रत्युत निषिद्धाचरणात्पापमपि । एतेन विहितजातीयं कर्म यथाकथञ्चित्कृतमुक्तफलायेति निरस्तम् । तुरीयाश्रमे ज्ञानोदयहेतुचित्तशुद्धिहेतुत्वेन क्रियमाणः श्रवणादिर्ज्ञानमार्गीयः, **‘यथा यथाऽऽत्मा परिमृज्यतेऽसौ मत्पुण्यगाथाश्रवणाभिधानै**’(भाग.११-१४-२६) रित्यादिवाक्यैः । साक्षान्मोक्षसाधनत्वेन तान्त्रिकदीक्षापूर्वकं विहितत्वेन क्रियमाणः श्रवणादिरुपासनामार्गीयः । अयमेव

वैष्णवमार्ग इत्युच्यते, विष्णुधर्मेष्वेव निष्ठावत्त्वात् । मुक्तिसाधनत्वप्रतिपादक–वाक्यैरेवमवसीयते । **‘अर्चायामेव हरय’** (भाग.११-२-४७) इत्यादिवाक्यानामयमेव विषयः । भक्तिमार्गीयभक्तकृतभक्तिसाम्प्रदायिकदीक्षापूर्वकं मोक्ष साधनत्वेन क्रियमाणः श्रवणादिः प्रावाहिकी भक्तिरुच्यते । अत एव कपिलदेवेन **‘न युज्यमानया भक्त्या भगवत्यखिलात्मनि । सदृशोऽस्ति शिवः पन्था योगिनां ब्रह्मसिद्धय’** (भाग. ३-२५-१६) इत्युपक्रम्य सतां लक्षणमुक्त्वा **‘त एते साधवः साध्वि सर्वसङ्गविवर्जिताः । सङ्गस्तेष्वथ ते प्रार्थ्यः सङ्गदोषहरा हि ते ।’** (भाग.३-२५-२४) **‘सतां प्रसङ्गान्मम वीर्यसंविदो भवन्ति हृत्कर्णरसायनाः कथाः । तज्जोषणादाश्वपवर्गवर्त्मनि श्रद्धा रतिर्भक्तिरनुक्रमिष्यती’** (भाग.३-२५-२५) त्यादि निरूपितम् । अत्रापवर्गवर्त्मनीति पदेनोक्तरूपत्वमवधेयम् । प्रेमात्मकभक्तिसाधनत्वेन क्रियमाणः श्रवणादिर्भक्तिमार्गे मर्यादाभक्तिरित्युच्यते । **‘श्रद्धामृतकथायां म’** (भाग.११-१९-२०) इत्युपक्रम्य **‘एवं धर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनाम् । मयि सञ्जायते भक्तिः कोऽन्योऽर्थोऽस्यावशिष्यते’** (भाग.११-१९-२४) **‘भक्त्या सञ्जातया भक्त्ये’** (भाग.११-३-३१) त्यादिवाक्यैस्तत्साधनत्वं ज्ञेयम् । स्नेहोत्पत्त्यनन्तरं स्वव्यसनतः स्वतन्त्रपुरुषार्थत्वेन क्रियमाण उत्तमः पुष्टिभक्तिरूपः । **‘मत्सेवया प्रतीतं च सालोक्यादि चतुष्टयम् । नेच्छन्ति सेवया पूर्णाः कुतोऽन्यत्कालविप्लुतम् ।’** (भाग.९-४-६७) **‘नैकात्मतां मे स्पृहयन्ति केचिन्मतपादसेवाभिरता मदीहाः’** (भाग.३-२५-३५) **‘महतां मधुद्विट्सेवानुरक्तमनसामभवोऽपि फल्गुः’** (भाग.५-१४-४४) **‘नारायणपरा लोके न कुतश्चन बिभ्यति । स्वर्गापवर्गनरकेष्वपि तुल्यार्थदर्शिन’** (भाग.६-१७-२८) इत्यादिवाक्यैस्तथात्वं ज्ञेयम् । तेन भक्तिपदस्य शक्तिः स्नेह एव । श्रवणादिषु तद्धेतुत्वेन तत्प्रयोगो भाक्तः । अत एव **‘सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत । दीयमानं न गृह्णन्ति विना मत्सेवनं जना’** (भाग.३-२९-१३) इति लक्षणमुक्त्वा **‘स एव भक्तियोगाख्य’** (भाग.३-२९-१४) इति लक्ष्यमुक्तम् । अन्यथाऽऽख्यापदमनर्थकं स्यादेवकारश्च । एवं सति पूर्वोक्तेष्वौपचारिको भक्तिपदप्रयोग इति ज्ञापितं भवति । स्नेहवशेन क्रियमाणास्ते स्नेहमध्यपातिन एव ।

શંકા - શ્રવણ-કીર્તનાદિ નવવિધાભક્તિના અન્તર્ગત પાંચમી ભક્તિ અર્ચન નામે કહેવાઈ હોવાથી (અને અર્ચન એટલે પૂજા અથવા સામે બેસીને ઉચિત સત્કાર-ઉપચાર કરવો છે તેથી અર્ચન નામે પૂજા કહેવાઈ છે) પૂજાને ભક્તિ કેમ ન માનવી ?

ઉત્તર - અહીં અમે જાણાવીએ છીએ. શ્રવણ વગેરે નવ પ્રકારો પણ અધિકારીના ભેદ વડે કરાતાં (તે-તે પ્રકારના અધિકારી વડે શ્રવણાદિ કરાતાં) કર્મમાર્ગીય, જ્ઞાનમાર્ગીય, ઉપાસનામાર્ગીય તથા ભક્તિમાર્ગીય રૂપમાં અનેક પ્રકારે થાય છે. શ્રીભાગવત અને સહસ્રનામના શ્રવણ-કીર્તનના ફલ રૂપમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ ચારે પુરુષાર્થો કહેલા છે. તે પૈકી ત્રિવર્ગની (ધર્મ-અર્થ-કામની સિદ્ધિની) કામનાથી કરવામાં આવતાં શ્રવણ વગેરે

કર્મમાર્ગીય જ છે. તેમાં પણ અર્થ વગેરેની કામનાવાળાઓ દ્વારા શાસ્ત્રમાં કરાયેલા વિધાન મુજબ શ્રવણ વગેરે કરેલા હોય ત્યારે જ તે કર્મમાર્ગીય હોય છે. (પરન્તુ) વૃત્તિ ચલાવવા અર્થે કરેલા હોય (કર્યા-કરાવ્યા હોય) ત્યારે તો તે (કર્મમાર્ગીય પણ નહીં કહેવાય અને તે) ખેતી કરવાની માફક લૌકિક જ કહેવાશે. ત્યારે તે મલત્યાગને અર્થે શૌચની ઈચ્છાવાળો ગંગાજલનો સ્પર્શ કરે તેની માફક ત્યારે તેને મલશુદ્ધિથી અતિરિક્ત બીજો કોઈ પણ ધર્મ સમ્પાદન થતો નથી. બલ્કે (ગંગાજલનો મળશુદ્ધિ માટેનો દુરુપયોગરૂપ) નિષિદ્ધ આચરણ કરવાથી પાપ પણ ઉત્પન્ન થાય છે. આના વડે શાસ્ત્રમાં વિધાન કરાયેલું કર્મ ગમે તે પ્રકારે કરવામાં આવે તો પણ તે શાસ્ત્રમાં કહેલા ફળને ઉત્પન્ન કરે છે એમ માનવું પણ (આથી) નિરસ્ત થાય છે. તુરીયાશ્રમ એટલે કે સંન્યાસાશ્રમમાં (સંન્યાસ દીક્ષા ગ્રહણ કર્યા પછી) પોતાનામાં જ્ઞાનનો ઉદય થાય તે માટે આવશ્યક ચિત્તશુદ્ધિને અર્થે કરવામાં આવતાં શ્રવણ વગેરે જ્ઞાનમાર્ગીય છે. **'મારી પુણ્યગાથાના શ્રવણ-કથન વડે જેમ જેમ આ આત્મા શુદ્ધ થતો જાય છે'** (ભાગ. ૧૧-૧૪-૨૬) વગેરે વાક્યોથી (આ પ્રકારના શ્રવણાદિ જ્ઞાનમાર્ગીય છે એમ જાણી શકાય છે). સાક્ષાત્ (જ્ઞાનના વ્યવધાન વિના) મોક્ષના સાધનરૂપમાં (પંચરાત્ર વગેરે) તંત્રની દીક્ષાપૂર્વક વિહિતપણાએ કરાતાં શ્રવણ વગેરે ઉપાસનામાર્ગીય છે. આ માર્ગ વિષ્ણુના ધર્મોમાં જ નિષ્ઠાવાળો હોવાથી આને જ વૈષ્ણવમાર્ગ એમ કહેવામાં આવે છે કે જે મુક્તિના સાધનોનું પ્રતિપાદન કરનાર વાક્યો વડે જાણી શકાય છે. **'શ્રીહરિને પામવા શ્રીહરિની મૂર્તિનું જ શ્રદ્ધાપૂર્વક પૂજન કરે છે'** (ભાગ. ૧૧-૨-૪૭) વગેરે વાક્યોનો આજ વિષય છે. (મર્યાદા) ભક્તિમાર્ગીય ભક્તકૃત (રામાનુજાચાર્ય વગેરે આચાર્ય) પ્રવર્તિત ભક્તિસમ્પ્રદાયની દીક્ષા ગ્રહણ કરીને મોક્ષપ્રાપ્તિના સાધનરૂપમાં કરાતાં શ્રવણ વગેરે પ્રાવાહિકી ભક્તિ કહેવાય છે. તેથી જ કપિલદેવજીએ તૃતીયસ્કન્ધમાં **'સર્વ પ્રાણિમાત્રના આત્મા ભગવાનમાં યોજિત થનારી ભક્તિના સમાન યોગીઓને બ્રહ્મસિદ્ધિ માટે બીજો કોઇ કલ્યાણકારી માર્ગ નથી'** (ભાગ. ૩-૨૫-૧૯) એમ ઉપક્રમ કરીને (ત્યાર પછી) સત્પુરુષોના લક્ષણને કહીને પછી **'હે સાધ્વી ! (પૂર્વમાં કહેવાયેલા લક્ષણોવાળા) સાધુપુરુષો સર્વ પ્રકારના સંગને (આસક્તિને) ત્યાગેલા હોય છે, અતઃ તેમના સંગની તમારે (તેમને) પ્રાર્થના કરવી, કારણ કે તે લોકો સર્વ પ્રકારના સંગદોષને હરનારા હોય છે'** (ભાગ. ૩-૨૫-૨૪) (આગળના શ્લોકમાં સત્પુરુષોના સંગનું ફલ જણાવતાં કહે છે-) **'સત્પુરુષોના પ્રકૃષ્ટ સંગથી જેમાં મારા પરાક્રમોનું સારી રીતે જ્ઞાન રહેલું છે તેમજ હૃદય તથા કર્ણને રસાયન રૂપ એવી કથાઓ થાય છે, તેનાં આનન્દ-ઉત્સાહ થકી ખૂબ જ શીઘ્રતાથી મોક્ષના માર્ગમાં (અથવા મોક્ષના માર્ગરૂપ એવા ભગવાનમાં) અનુક્રમે પ્રથમ શ્રદ્ધા, પછી તેમાં રતિ અને ત્યારપછી ભક્તિ થશે.'** (ભાગ.૩-૨૫-૨૫) એમ વગેરે વાક્યોથી નિરૂપણ કર્યું છે. અહીં **'મોક્ષના માર્ગમાં'** એમ કહ્યું હોવાથી (મોક્ષના માર્ગમાં શ્રદ્ધા-રતિ-ભક્તિ થવાનું કહ્યું હોવાથી તથા તેના સાધનરૂપમાં ભક્તિ જણાવી હોવાથી) આ પ્રકાર પ્રાવાહિકી ભક્તિનો છે એમ જાણવું. (પ્રાવાહિકી ભક્તિ એટલે **'जायस्व–म्रियस्व'** સ્વરૂપની નહીં કિન્તુ લોકમાં જેમ મુક્તિ જ ફલરૂપે અભિમત છે તેમ આનાં હૃદયમાં પણ મુક્તિ જ હોવાથી મુખ્ય ભક્તિની અપેક્ષા લોકવત્ આનું પણ પ્રવાહપણું છે તેથી આને પ્રાવાહિક પ્રકારમાં કહ્યું છે).

પ્રેમાત્મક ભક્તિના સાધનરૂપમાં કરાતાં શ્રવણ વગેરે ભક્તિમાર્ગમાં મર્યાદાભક્તિ નામે કહેવાય છે. **'મારી અમૃતમયી કથામાં શ્રદ્ધા'** (ભાગ.૧૧-૧૯-૨૦) એમ ઉપક્રમ કરીને (અન્તમાં) **'હે ઉદ્ધવ ! આ પ્રમાણે આત્મનિવેદન કરેલા મનુષ્યો દ્વારા ધર્મોનું આચરણ કરાતાં મારામાં સારી રીતથી ભક્તિ થાય છે, (તે ભક્તિ થયા પછી) તેને બીજો કયો અર્થ બાકી રહી જાય છે'** (ભાગ.૧૧-૧૯-૨૪) **'ભક્તિ વડે સારી રીતે ઉત્પન્ન થયેલી ભક્તિ દ્વારા આનન્દપૂર્ણ રોમાંચવાળા શરીરને ધારણ**

કરે છે’ (ભાગ.૧૧-૩-૩૧) વગેરે વાક્યો વડે આ ભક્તિ પ્રેમના સાધનરૂપમાં (અથવા પ્રેમાત્મિકા ભક્તિના સાધનરૂપમાં) છે એમ જાણવું.

સ્નેહ ઉત્પન્ન થયા પછી પોતાના વ્યસનથી સ્વતંત્ર પુરુષાર્થના રૂપમાં કરાતાં શ્રવણ વગેરે ઉત્તમ પુષ્ટિભક્તિ રૂપ છે. **‘મારી સેવા વડે સાક્ષાત્ થતાં સાલોક્ય વગેરે ચાર (પ્રકારની મુક્તિ)ને પણ સેવા વડે પૂર્ણ એવા મારા ભક્તો ઇચ્છતા નથી, તો પછી કાળથી જેનો નાશ છે એવા (બીજા) ફળની તો ઇચ્છા જ કેમ કરી કરશે’** (ભાગ.૯-૪-૬૭) **‘મારી ચરણસેવામાં અભિરત રહેનારા અને મારા અર્થેની જ ચેષ્ટા કરનારા એવા કેટલાક (દુર્લભ) ભક્તો મારી સાથે એકાત્મતા (સાયુજ્ય)ની પણ સ્પૃહા કરતા નથી’** (ભાગ.૩-૨૫-૩૫) **‘મધુ નામના દૈત્યને મારનાર ભગવાનની સેવામાં અનુરક્ત મનવાળા મોટા પુરુષો માટે મોક્ષ પણ તુચ્છ છે’** (ભાગ.૫-૧૪-૪૪) **‘સ્વર્ગ-મોક્ષ અને નરકમાં પણ સમાન દૃષ્ટિવાળા નારાયણમાં પરાયણ થયેલાઓ કોઇનાથી-ક્યાંય ડરતા નથી’** (ભાગ.૬-૧૭-૨૮) વગેરે વાક્યો વડે પ્રેમાત્મક ભક્તિનો પ્રકાર એ ઉત્તમ પુષ્ટિરૂપ છે એમ જાણવું.

તેથી કરીને (ફલની તર-તમતાને વિચારતાં) ભક્તિપદની શક્તિ (મુખ્ય અર્થ)સ્નેહ જ છે. શ્રવણ-કીર્તન વગેરે સાથે જે ભક્તિપદ જોડવામાં આવે છે તે સ્નેહ ઉત્પન્ન કરે છે તેથી શ્રવણાદિ સાથે ભક્તિ શબ્દનો પ્રયોગ એ સ્નેહ પર આધારિત (ગૌણ અર્થમાં) છે. તેથી જ **‘મારી સેવા વિના સાલોક્ય, સાર્ષ્ટિ, સામીપ્ય, સારૂપ્ય અને એકત્વ(સાયુજ્ય) (સ્વરૂપની મુક્તિ) આપવામાં આવે તો પણ (મારા ભક્તો) સ્વીકારતા નથી’** (ભાગ.૩-૨૯-૧૩) એમ લક્ષણને કહીને **‘વાસ્તવમાં ભક્તિયોગ તે જ (ઉપર કહેલો જ) છે’** (ભાગ.૩-૨૯-૧૪) એમ લક્ષ્ય જણાવ્યું છે. જો એમ ન હોય તો **આખ્યા** પદ અર્થહીન થાય **એવ** શબ્દ પણ વ્યર્થ જાય. આ

પ્રમાણે વિચારતાં પૂર્વમાં કહેવાઈ ગયેલાઓમાં (જ્ઞાન-કર્મ-ઉપાસના-પ્રાવાહિક વગેરેમાં કરાતાં શ્રવણાદિ માટે ઉપયોગ કરાતો) ભક્તિ પદનો પ્રયોગ ઔપચારિક છે એમ જ્ઞાપિત થાય છે. સ્નેહ થકી કરાતાં શ્રવણ વગેરે એ તો સ્નેહ મધ્યપાતિ (સ્નેહરૂપ) જ છે.

अथवा । साक्षात्पुरुषोत्तमप्रापकत्वेन विहितत्वं भक्तिपदप्रवृत्तिनिमित्तं श्रवणादिषु भिन्नम् । न च तत्प्रापकत्वमेव तथेति वाच्यम्, द्वेषादेर्भगवदनुग्रहस्य च भक्तित्वापत्तेः । न च साक्षात्पदमनर्थकम्, विभूतिभजनकर्त्तुरपि तद्द्वारा तत्प्राप्तेः **‘यथाद्रिप्रभवा नद्यः पर्जन्यापूरिता विभो । विशन्ति सर्वतः सिन्धुं तद्वत्त्वां गतयोऽन्तत’** (भाग.१०-४०-१०) इत्यादि-प्रमाणसिद्धत्वेन तद्द्वारकत्वात् । श्रीकृष्णस्नेहत्वमेव फलरूपायां तस्यां तन्निमित्तमित्यनेकार्थो भक्तिशब्दः । प्रवृत्तिनिमित्तभेदेऽपि रविचन्द्रयोः पुष्ववच्छब्दवाच्यत्वमेकस्यामेवोक्तौ यथा तथा क्वचिद्भक्तिपदं **‘भक्त्याऽहमेकया ग्राह्य’** (भाग.११-१४-२१) इत्यादिषूभयवाचकमपि। उक्तरूपता तु **‘मामेव नैरपेक्ष्येण भक्तियोगेन विन्दती’** (भाग.११-२७-६३) त्यादिभिः, **‘एवं सततयुक्ता ये भक्तास्त्वां पर्युपासते । ये चाप्यक्षरमव्यक्त’** (गीता १२-१) मिति पार्थप्रश्नेनैतदुत्तरेण च **‘नालं द्विजत्व’** (भाग.७-७-५१) मित्युक्रम्य **‘प्रीयतेऽमलया भक्त्या हरिरन्यद्विडम्बन’** (भाग.७-७-५१) मिति प्रह्लादवाक्येन, **‘न रोधयति मां योग’** (भाग.११-१२-१) इत्यादिश्रीमन्मुखोत्थवाक्यै **‘र्भक्त्याहमेकया ग्राह्य’** (भाग.११-१४-२१) इत्यादिवाक्यसहस्रैश्च

भक्तावयवधार्यते।

अथवा, साक्षात् पुरुषोत्तमने प्राप्त करावવાના રૂપમાં વિધાન થયેલ શ્રવણાદિ (**तस्माद्भारतसर्वात्मा भगवान् हरिरीश्वरः, श्रोतव्यः**) (भाग.२-१-५) અહીં અભય કહ્યો છે તેથી તે ભગવત્પ્રવેશરૂપ સાક્ષાત્ પુરુષોત્તમ પ્રાપ્તિ કરાવનાર છે એમ કહ્યું છે તથા શ્રવણાદિમાં **'तव्य'** નો પ્રયોગ આવશ્યક અર્થ ઉપરાંત વિધ્યર્થ પણ છે એમ નિબન્ધમાં જણાવ્યું હોવાથી ભાગવતનું આ વાક્ય શ્રવણાદિનું વિધાન કરનાર છે) ભક્તિપદની પ્રવૃત્તિનું નિમિત્ત જુદું જ છે. જે સાક્ષાત્ પુરુષોત્તમને પ્રાપ્ત કરાવે તે ભક્તિ એમ નહીં કહેવું જોઈએ. (નહીંતર) દ્વેષ (કામ-ભય-સંબન્ધ) વગેરે તેમજ ભગવાનનો અનુગ્રહ એને પણ ભક્તિ માનવાની આપત્તિ આવી પડશે. સાક્ષાત્ પુરુષોત્તમને પ્રાપ્ત કરાવનાર એમાં **સાક્ષાત્** પદ કહેવાનો કોઈ અર્થ-પ્રયોજન નથી એમ નહીં કહેવું જોઈએ. કારણ કે વિભૂતિનું ભજન કરનારાને પણ તે દ્વારા પુરુષોત્તમની પ્રાપ્તિ થાય છે **'હે વિભો ! જેમ પર્વતમાંથી ઉત્પન્ન થેયલી અને મેઘથી ભરપૂર બનેલી નદીઓ (અન્તે) ચારે તરફથી તે સમુદ્રમાં પ્રવેશે છે, તેમ અન્તે સર્વ ગતિઓ આપને પ્રાપ્ત થાય છે.'** (ભાગ.૧૦-૪૦-૧૦) વગેરે પ્રમાણોથી સિદ્ધ હોવાથી તે વિભૂતિઓ વડે પણ પુરુષોત્તમ (ઉપર કહ્યા ન્યાયે) પ્રાપ્ત થાય છે. અર્થાત્ તે વિભૂતિઓ પુરુષોત્તમના દ્વારરૂપ છે. ફલરૂપા ભક્તિમાં શ્રીકૃષ્ણમાં સ્નેહ થવો એ જ નિમિત્ત છે, આમ ભક્તિ શબ્દ અનેક અર્થોવાળો છે. પ્રવૃત્તિ થવાના કારણમાં જુદાપણું હોય તો પણ જેમ **પુષ્પવાન્** શબ્દથી એક જ ઉક્તિમાં સૂર્ય-ચન્દ્ર બન્નેનો બોધ થાય છે, તેમ કોઈક સ્થળે ભક્તિ પદ **એક માત્ર ભક્તિ વડે જ હું ગ્રહણ થઇ શકું છુ'** (ભાગ.૧૧-૧૪-૨૧) વગેરે વચનોમાં સાધન-ફલ બન્નેનું જ્ઞાપન કરાવે છે (સાધનરૂપ ભક્તિ અને ફલરૂપ ભક્તિ એમ બન્નેને જણાવે છે). પરન્તુ જેમાં પુરુષોત્તમ જ ફલરૂપ છે (જેનાં ફલરૂપમાં પુરુષોત્તમની જ ઉપલબ્ધિ છે અને પુરુષોત્તમની ઉપલબ્ધિ છે જ) તેવી ભક્તિ તો **'સર્વથા અપેક્ષા રહિત એવા ભક્તિયોગ વડે મને જ પ્રાપ્ત કરે છે'** (ભાગ.૧૧-૨૭-૬૩) વગેરે વડે, તેમજ **'એ પ્રમાણે સતત તમારામાં જોડાઈને રહેલા ભક્તો તમને ઉપાસે છે અને જે અવ્યક્ત-અક્ષર ઉપાસના કરે છે તે બેમાં તમારી સાથેના યોગને જાણનારાઓમાં ઉત્તમ કોણ છે ?'** (ગીતા.૧૨-૧) એમ અર્જુનના પ્રશ્ન વડે અને તેના ભગવાન દ્વારા ઉત્તર વડે, તેમજ **'દ્વિજપણું પર્યાપ્ત નથી'** (ભાગ.૭-૭-૫૧) એમ ઉપક્રમ કરીને **'(કેવલ) અમલા-નિર્ગુણા ભક્તિ વડે જ હરિ પ્રસન્ન થાય છે, આ સિવાયના બધાં જ સાધનો ક્લેશરૂપ અને નકલ કરવારૂપ છે'** (ભાગ.૭-૭-૫૨) એમ પ્રહ્લાદવાક્ય વડે, તેમજ **'મને યોગ રોધી શકતો નથી'** (ભાગ.૧૧-૧૨-૧) વગેરે શ્રીમુખથી નીકળેલા વાક્યો વડે, તેમજ **'એકમાત્ર ભક્તિ વડે જ હું ગ્રહણ થઇ શકું છું'** (ભાગ.૧૧-૧૪-૨૧) વગેરે હજારો વાક્યો વડે ભક્તિ પદના અર્થનો નિશ્ચય થાય છે.

मन्त्राधिष्ठातुस्तु पुरुषोत्तमविभूतिरूपत्वं पूर्वमुपपादितमिति तत्प्रापकतज्ञपार्चनादेर्न भक्तित्वं वक्तुं शक्यम्, भक्तिसाधनत्वोक्तेश्च। एवं सति भक्तिमार्गीयभजनप्रकारेषु स्नेह एव नियामकः स्नेहवताम्, कर्मणि विधिवत् । तद्रहितानां तु तद्वत्कृत उपदेश एव । स च वेदाविरुद्ध एवेति ज्ञेयम् । विधिमजानता बालेन पित्रादिशिक्षया कृतसन्ध्यावन्दनादेः कर्मत्ववदुपदेशानुसारेण कृतेरपि भक्तित्वम्। तन्मार्गीयत्वात् । एवम्भूतस्याग्रे स्नेहोऽवश्यं भावीति ज्ञेयम् । यथा तादृग्बालकृतकर्मणोऽप्युक्तफलसाधकत्वं तथा तादृग्भजनस्यापि पुरुषोत्तमप्रापकत्वमिति किमन्यदवशिष्यते । आधुनिकानामुपदेष्टॄणामपि स्नेहाभावेऽपि तन्मूलभूतानां प्राचामाचार्याणां तद्वत्त्वेन

तदनुगृहीतत्वेन सर्वोपपत्तेः । स्वानुगृहीतभक्तप्रवर्तितत्वेन यतस्तन्मार्गे पक्षपातो भगवतः । अत एव श्रीभागवते ब्रह्मादिवाक्यम् - ‘**स्वयं समुत्तीर्य सुदुस्तरं द्युमन् भवार्णवं भीममदभ्रसौहृदाः । भवत्पदाम्भोरुहनावमत्र ते निधाय याताः सदनुग्रहो भवा**’ (भाग.१०-२-३१) निति । अत्र भगवत्पदाम्भोजस्य भक्तिमार्गत्वेन तद्रूपस्वसंप्रदायप्रवर्त्तनमेव तन्निधानम् । तत्प्रवर्त्तितसम्प्रदाये प्रवृत्तानां तादृक्साधनाभावेऽपि साक्षादनुगृहीतेषु पक्षपातेन तत्संबन्धिष्वप्यनुग्रहं करोषीत्यभिप्रायेणोक्तम् - **सदनुग्रह** इति। सत्सु अनुग्रहो यस्येत्यर्थः । अस्मिन्नर्थे प्रामाण्याय भगवत्संमतिरेव दर्शिता**भवानि**त्यनेन तत्सम्प्रदायस्थानां तरणावश्यम्भावाय **नौत्व**निरूपणम् । तेनानायासेन भवाब्धितरणं सूचितम् । बाहुभ्यां तरणे ह्यायासो, नावा तरणे न तथेत्येतत्सर्वं विवरणे पितृचरणैर्विवृतमिति नात्र लिख्यते । भगवद्भजने परमियं व्यवस्था। अग्निहोत्रादीनां प्रभ्विच्छां ज्ञात्वा यदानुष्ठानं तदा यथाकल्पसूत्रमेव। एतेनाप्रामाणिकत्वेनान्धपरम्परात्वशङ्का निरस्ता, प्रमाणसिद्धत्वात्। प्रेम्णश्च फलत्वेन स्वकृत्यसाध्यत्वेन च न विहितत्वं संभवति, किन्तु तस्यानुवाद एव । ‘**य एतस्मिन्महाभागाः प्रीतिं कुर्वन्ति मानवाः ।**’ (भाग.१०-८-१८) ‘**माहात्म्यज्ञानपूर्वस्तु सुदृढः सर्वतोऽधिकः । स्नेहो भक्तिरिति प्रोक्तस्तया मुक्तिर्न चान्यथा’ ।**’ (नारदपञ्चरात्र) तृतीयस्कन्धे च ‘**देवानां गुणलिङ्गानामानुश्रविककर्मणा**’ (भाग.३-२५-३२) मित्यादि । ‘**मद्गुणश्रुतिमात्रेणे**’ (भाग.३-२९-११) त्यादि । साधनरूपा

श्रवणादिलक्षणा तु ‘**तस्माद्भारत सर्वात्मा भगवान् हरिरीश्वरः । श्रोतव्यः कीर्त्तितव्यश्च स्मर्त्तव्यश्चेच्छताभय**’ (भाग.२-१-५) मित्यादिवाक्यैर्विधीयत एवेति सर्वमनवद्यमिति दिक् ।

(ગોપાલાદિક) મંત્રોના અધિષ્ઠાતા પુરુષોત્તમની વિભૂતિ છે એમ પહેલાં જ નિશ્ચય કરવામાં આવી ગયો છે તેથી તેને પ્રાપ્ત કરાવનાર તેના જપ વગેરેને ભક્તિ કહેવું શક્ય નથી. તેમજ તે (ભક્તિ નહીં પણ) ભક્તિના સાધનરૂપ છે તેથી પણ તેને ભક્તિ કહેવું શક્ય નથી. જેમ કર્મમાં વિધિ નિયામક છે તેમ ભક્તિમાર્ગીય ભજન પ્રકારમાં સ્નેહવાળાઓ માટે સ્નેહ જ નિયામક છે. જેઓ ભગવાનમાં સ્નેહ વિનાના છે અને ભજનમાં (ભક્તિમાર્ગીય ભજનમાં) સારી રીતે જોડાયેલા છે તેવાઓ માટે તો જેમનામાં ભગવાન માટેનો સ્નેહ છે તેવા લોકો વડે અપાયેલ ઉપદેશ જ નિયામક છે અને તે પણ વેદથી અવિરુદ્ધ-વિધાન કરાયા મુજબનો જ એમ જાણવું (સ્નેહ વિના પણ વેદસિદ્ધ ભક્તિમાર્ગીય સમ્પ્રદાયમાં દીક્ષિત થઈને તે સમ્પ્રદાયના વિધિ-વિધાન અનુસાર પણ જે કરવામાં આવે તેનું પણ ભક્તિમાર્ગીયપણું જ જાણવું). વિધિને નહીં જાણનાર બાળક વડે પિતા વગેરેથી શિક્ષાથી સંધ્યાવન્દન વગેરે કરવામાં આવે તે પણ જેમ કર્મરૂપ જ છે તેમ તે કૃતિ ભક્તિમાર્ગીય હોવાથી ઉપદેશ અનુસારની કૃતિ પણ ભક્તિરૂપ જ છે. આવા (ઉપદેશ અનુસાર કૃતિ કરનારા)ને આગળ જઈને અવશ્યમેવ ભગવાનમાં સ્નેહ થાય છે તેમ જાણવું. જેમ વિધિના અજાણ બાળક વડે કરાયેલ વિધિ અનુસારનું કર્મ પણ તે કર્મનું જે ફલ કહેવાયું છે તે ફલને સાધનારું બને છે તેમ ઉપદેશ અનુસાર કરાયેલું ભજન પણ પુરુષોત્તમને પ્રાપ્ત કરાવનાર બને છે તેથી પછી તેને બીજું શું બાકી રહી જાય છે. (સમ્પ્રદાયની પરમ્પરામાં રહેલા) આધુનિક સમયના સામ્પ્રદાયિક ઉપદેશકો પણ જો સ્નેહ વિનાના હોય તો પણ તે સમ્પ્રદાયના મૂલભૂત (આદ્ય) પ્રાચીન આચાર્યો તેવા જ (ઉત્તમ) સ્નેહવાળા તેમજ ભગવાનનો તેમના ઉપર અનુગ્રહ હોય છે તેથી

અહીં પણ બધું ઉચિત છે. પોતાના (ભગવાન) દ્વારા અનુગૃહીત એવા ભક્ત દ્વારા પ્રવર્તિત માર્ગ (સમ્પ્રદાય) હોવાને કારણે તે માર્ગ પ્રત્યે ભગવાનનો પક્ષપાત હોય છે. તેથી જ શ્રીભાગવતમાં બ્રહ્માજી વગેરેના વચનો છે કે - **'હે પ્રકાશમાન પ્રભુ ! આપનામાં સ્નેહવાળા ભક્તો જેને તરવું દુસ્તર છે અને મહા ભયંકર છે એવા ભવસાગરને આપના શ્રીચરણારવિન્દરૂપ (ભક્તિરૂપ) નાવ દ્વારા પોતે સારી રીતે તરી જઇ તે (ભક્તિરૂપ) નાવને અહીં -આ જગતમાં રાખીને અહીંથી (આલોકથી) ગયા છે, સત્પુરુષો પર આપ અનુગ્રહ કરનારા છો'** (ભાગ.૧૦-૨-૩૧) અહીં (આ વાક્યમાં) ભગવાનનું શ્રીચરણારવિન્દ એ ભક્તિમાર્ગરૂપ હોવાથી તે ભક્તિમાર્ગરૂપ સમ્પ્રદાયનું (તેમના દ્વારા) પ્રવર્તન જ અહીં રાખીને-મૂકીને જવું છે. (તેથી) તેમના (તેવા અનુગ્રહ પ્રાપ્ત મહાનુભાવો) દ્વારા પ્રવર્તિત સમ્પ્રદાયમાં પ્રવૃત્ત થયેલાઓને તે પ્રકારના સાધનનો (સ્નેહનો) અભાવ હોય તો પણ સાક્ષાત્ ભગવાન દ્વારા જેમના ઉપર અનુગ્રહ કરાયેલો છે તેવાઓ તરફ ભગવાનનો પક્ષપાત હોવાના કારણે તે મહાનુભાવોના સંબન્ધમાં રહેલાઓ ઉપર પણ અનુગ્રહ કરે જ છે એવા અભિપ્રાયથી ઉક્ત વાક્યમાં **સદનુગ્રહ** એમ કહ્યું છે. અર્થાત્ જેમનો સત્પુરુષો ઉપર અનુગ્રહ છે એમ અર્થ છે. આ અર્થ કહેવામાં પ્રમાણને માટે ભગવાનની સંમતિ જ દર્શાવી છે - **'ભવાન્-આપ'** શબ્દ વડે. તે મહાનુભાવોના સમ્પ્રદાયમાં સ્થિતિ કરેલાઓ અવશ્યમેવ તરે છે એમ જણાવવા માટે ભક્તિમાર્ગને નાવરૂપમાં નિરૂપિત કર્યો છે. તેથી કરીને તેઓ (સમ્પ્રદાયમાં રહેલાઓ) કોઈ પણ આયાસ વિના ભવસાગરને તરી જાય છે એમ સૂચિત કર્યું છે. બાહુઓ વડે તરવામાં આયાસ જરૂરી છે (પરંતુ) નાવ વડે તરવામાં તેવો આયાસ આવશ્યક નથી એમ આ બધી વાતો વિવરણમાં (શ્રીસુબોધિનીમાં) પિતૃચરણે (શ્રીવલ્લભાચાર્યજીએ) વિવૃત્ત કરી છે અતઃ અહીં (વિશેષ) લખવામાં નથી આવતું. તેમ છતાં પણ ભગવદ્ ભજનમાં આ મુજબ વ્યવસ્થા જાણવી. ભગવાનની ઈચ્છાને જાણીને જ્યારે અગ્નિહોત્ર વગેરેનું અનુષ્ઠાન

કરવામાં આવે ત્યારે કલ્પસૂત્રમાં જણાવ્યા અનુસાર જ કરવું. આ વ્યવસ્થા વડે (સમ્પ્રદાયમાં) અપ્રામાણિક રૂપમાં અંધપરમ્પરાનો નિર્વાહ કરવાની આશંકા પણ નિરસ્ત થઈ જાય છે. (શિષ્ટાચાર એ પ્રમાણરૂપ હોવાથી માત્ર ઉપદેશ થકી સ્નેહ વિના કરાયેલ કૃતિ પણ પ્રામાણિક હોવાથી અન્ધપરમ્પરાની શંકા નિરસ્ત થઈ જાય છે) આ વાત પ્રમાણસિદ્ધ છે. પ્રેમ ફલરૂપ છે (ભગવાનમાં પ્રેમ થવો એ ફલ છે) અને તે ફલ પોતાની (જીવની) કૃતિથી અસાધ્ય હોવાથી પ્રેમનું વિધાન કરવું સંભવ નથી. પરન્તુ શાસ્ત્રોમાં (**'तं भजेत्' 'भक्तिरस्य भजनं तदिहापुत्रोपाधिनैराश्येन अमुष्मिन् मनः कल्पनम्'**) વગેરે ગોપાલતાપનીય શ્રુતિ વગેરેમાં જે ભક્તિ-કિંવા પ્રેમનું લક્ષણ જણાવ્યું હોવાથી પ્રેમ વિધાન કરાયેલ જોવા મળે છે તે) પ્રેમ થવારૂપ જે ફલ છે તેનો અનુવાદ જ છે. **'મોટા ભાગ્યવાળા મનુષ્યો જે આમાં પ્રીતિ કરે છે'** (ભાગ.૧૦-૮-૧૮) **'માહાત્મ્યજ્ઞાનપૂર્વક સુદઢ અને સર્વથી અધિક સ્નેહ એ ભક્તિ કહેવાય છે, તે ભક્તિ વડે મુક્તિ થાય છે, બીજી કોઇ રીતે મુક્તિ થતી નથી'** (નારદપંચરાત્ર) અને તૃતીયસ્કન્ધમાં **'એક મનવાળા (આસુરી મનથી રહિત માત્ર દૈવી મનવાળા) પુરુષની ગુણચિહ્નવાળી દેવ રૂપ - દૈવી ઈન્દ્રિયો કે જે વેદમાં કહ્યા અનુસારના જ કર્મને કરનારી છે તે ઈન્દ્રિય-મનની સત્ત્વરૂપ ભગવાનમાં સ્વાભાવિકી વૃત્તિ થઇ જવી એ ભક્તિ છે'** (ભાગ.૩-૨૫-૩૨) વગેરે. તેમજ **'મારા ગુણોના શ્રવણ માત્રથી જ'** (ભાગ.૩-૨૯-૧૧) વગેરે, (વાક્યોથી ફલરૂપા ભક્તિ કહી છે). તેમજ શ્રવણ વગેરે લક્ષણવાળી સાધનરૂપા (ભક્તિ) **'હે ભારત ! અભય પ્રાપ્ત કરવાની ઇચ્છા કરતા મનુષ્યે સર્વના આત્મા ભગવાન હરિ ઇશ્વર સાંભળવા, કીર્તિત કરવા, સ્મરવા'** (ભાગ.૨-૧-૫) વગેરે વાક્યોથી વિધાન કરવામાં આવ્યું જ છે એમ અહીં કંઇ પણ દોષરૂપ નથી.

उपास्तिं मन्यन्ते मधुमथनभक्तिं निजकृता–

र्थतां तत्रोपास्यं परमपुरुषं चापि सुविदः ।
द्वयोः सारूप्यात्तद्भ्रमहतिकृते मानसगतं
मुदा भक्तेर्हंसं प्रकटमकरोद्विट्ठलकृती ॥ १ ॥
व्रजामि चरणं मुदा शरणमैहिकामुष्मिके
निरस्तनिजसंशयो य इह भाग्यवद्भिः स्मृतः ।
व्रजेशसुतपादपङ्कजपरागरागाश्रितं
करोतु सततं स मां निजतनूजवात्सल्यतः ॥ २ ॥

इति श्रीमद्गोपीजनवल्लभचरणैकतानश्रीविट्ठलेश्वरविरचितो भक्तिहंसः समाप्तः ।

સુવિદઃ એટલે કે સમ્પ્રદાયને જાણનારાઓ પણ (રામમંત્ર-ગોપાલમંત્ર વગેરેથી કરાતી) ઉપાસનાને મધુનામના અસુરને મારનાર ભગવાનની ભક્તિ છે એમ માને છે અને તેમાં (ઉપાસનામાં) ઉપાસ્ય-ફલરૂપમાં પરમ પુરુષ પુરુષોત્તમ છે એમ માની ઉપાસનાથી પોતે કૃતકૃત્ય છે એમ માને છે. બન્ને (ઉપાસના અને ભક્તિ તથા ઉપાસ્ય અને ભજનીય) (બહાર તરફ સાધન-આચરણ આ માર્ગના તથા ઉપાસનામાર્ગના) સમાન સ્વરૂપના જણાતાં હોવાથી (અને તે બન્નેને જુદા જણાવનાર ભાવ આન્તર ધર્મ હોવાના કારણે તે બે વચ્ચે ભેદ નહીં જાણવાથી વિદ્વાનોને) ભ્રમ થાય છે તે ભ્રમને દૂર કરવા જેમ સરોવરમાં દૂધ-પાણી ભેગા થઈ જાય તેને હંસ જુદા પાડે છે તેમ મનમાં બેની સમાનરૂપતાથી ઉત્પન્ન થયેલા ભ્રમને મટાડવા આ **ભક્તિના હંસને (આ ભક્તિહંસ ગ્રન્થને)** ખૂબ જ હર્ષપૂર્વક વિઠ્ઠલે (શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ શ્રીગુસાંઈજીએ) પ્રકટ કર્યો છે ॥ ૧ ॥

જેનું ભાગ્યવાળાઓ (કૃતપુણ્યપુંજો) વડે સ્મરણ કરાયું છે તથા જેમણે પોતના સ્વરૂપ વિષયમાં (અને) આલોક-પરલોક વિષયમાં પોતાના નિજજનોના સર્વ સંશયો નિરસ્ત કર્યા છે તેવા શ્રીઆચાર્યચરણના ચરણમાં હર્ષપૂર્વક શરણે જાઉં છું. તે ચરણારવિન્દ પોતાના શ્રીઅંગથી પ્રકટ થયેલા સ્નેહ થકી વ્રજેશ (વ્રજના રાજા શ્રીનન્દરાયજી)ના સુત શ્રીકૃષ્ણના ચરણારવિન્દના (ચરણારવિન્દરૂપ ભક્તિમાર્ગના) પરાગ રાગથી (પરાગમાં રાગ એટલે આસક્તિથી) મને સદૈવ વ્યાપ્ત કરો ॥ ૨ ॥

આ પ્રમાણે શ્રીગોપીજનવલ્લભના ચરણમાં એકતાન શ્રીવિઠ્ઠલેશ્વર વિરચિત ભક્તિહંસ (ગ્રન્થ) સમાપ્ત થયો ॥

* * * * *